પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૭૬ • કુલ પાના : ૪ • તારીખ : ૧૮-૦૭-૨૦૨૨ સોમવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પાક. પત્રકાર બાબતે નવું ટ્વીસ્ટ, નુસરત મિર્ઝાએ અંસારીને લઈને મોટી વાત કહી

## હું ભારત એક સેમિનારમાં સામેલ થવા જરૂર આવ્યો હતો, પરંતુ ત્યાં મારી હામિદ અંસારી સાથે કોઈ મુલાકાત થઈ નહોતી

ઈસ્લામાબાદ,

પૂર્વ રાષ્ટ્રપતિ હામિદ અંસારી અને પાકિસ્તાની પત્રકાર નુસરત મિર્ઝાને લઈને શરૂ થયેલો વિવાદ થોભવાનું નામ લઈ રહ્યો નથી. પહેલા ભારતીય જનતા પાર્ટીએ પાકિસ્તાની પત્રકારના વીડિયોનો સંદર્ભ આપતા હામિદ અંસારી અને કોંગ્રેસ પર પ્રહાર કર્યો હતો. ભાજપે હામિદ અંસારી અને નુસરત મિર્ઝાની તસવીર શેર કરતા આરોપ લગાવ્યો કે, બંને વર્ષ ૨૦૦૯માં આતંકવાદ પર ભારતમાં આયોજિત એક સંમેલનમાં કથિત રીતે મંચ શેર કરતા નજરે પડી રહ્યા છે.

તેના જવાબમાં પૂર્વ ઉપરાષ્ટ્રપતિ તરફથી કહેવામાં આવ્યું કે, તેઓ પાકિસ્તાની પત્રકાર નુસરત મિર્ઝાને ક્યારેય મળ્યા નથી. એ સિવાય તેમણે નુસરત મિર્ઝાને કોઈ પણ કાર્યક્રમ માટે આમંત્રિત કર્યા નથી. આ આખા વિવાદમાં જે વ્યક્તિના



નામને લઈને સૌથી વધારે ચર્ચા થઈ રહી છે તે પાકિસ્તાની પત્રકાર નુસરત મિર્ઝા છે. પાકિસ્તાની પત્રકાર નુસરત મિર્ઝાએ એક ન્યૂઝ ચેનલ સાથે વાતચીતમાં આ વિવાદ પર પોતાની સ્પષ્ટતા આપી હતી. નુસરત મિર્ઝાએ કહ્યું કે, હું હામિદ અંસારીને પર્સનલી મળ્યો નથી. હું ભારત એક સેમિનારમાં સામેલ થવા જરૂર આવ્યો હતો, પરંતુ ત્યાં મારી હામિદ અંસારી સાથે કોઈ મુલાકાત થઈ નહોતી.

તેણે કહ્યું કે, મારો હામિદ અંસારી સાથે જોઈ સંબંધ નથી. હું માત્ર સેમિનારમાં સામેલ થવા માટે ત્યાં ગયો હતો. જ્યાં સુધી સેમિનારમાં હામિદ અંસારી સાથે મુલાકાત કરવાની વાત છે. તેઓ માત્ર ત્યાં આવ્યા અને સેમિનારનું ઉદઘાટન કરીને ત્યાંથી જતા રહ્યા. આ દરમિયાન અમારી વચ્ચે કોઈ વાતચીત ન થઈ. મ્મઝ સાથે વાત કરતા નુસરત મિર્ઝાએ દાવો કર્યો કે, પાકિસ્તાનના તાત્કાલિન વિદેશ મંત્રી ખુર્શીદ કસૂરી સાથે તેમણે જે દસ્તાવેજ શેર કર્યા હતા, તેનું ભારત સાથે કોઈ લેવું-દેવું નહોતું. એ દસ્તાવેજ રશિયા બાબતે હતા. જેમાં રશિયાએ પાકિસ્તાન પર તેને તોડવાને લઈને આરોપ લગાવ્યા હતા.તેણે એ પણ દાવો કર્યો કે, દસ્તાવેજ વર્ષ ૨૦૦૫ના સેમિનાર સાથે જોડાયેલા હતા. આ અગાઉ પાકિસ્તાની પત્રકારે એક ઈન્ટરવ્યૂમાં દાવો કર્યો હતો કે, કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારમાં તેણે ૫ વખત ભારતનો પ્રવાસ કર્યો હતો. આ દરમિયાન તેણે ગુપ્ત જાણકારીઓ પાકિસ્તાનની આઈએસઆઈને ઉપલબ્ધ કરાવી હતી. નુસરત મિર્ઝાએ પોતાના ઈન્ટરવ્યૂમાં દાવો કર્યો હતો કે, તે હામિદ અંસારીના આમંત્રણ પર ભારત આવ્યો હતો. આ દરમિયાન તેણે ભારતમાં આતંકવાદ પર આયોજિત સેમિનારમાં ભાગ લીધો હતો. આ સેમિનારને હામિદ અંસારીએ પણ સંબોધિત કર્યો હતો.

## વડાપ્રધાન મોદીના કાર્યક્રમમાં ગરબડીનું કાવતરું હતું : PFIના સક્રિય સભ્યની ધરપકડ

પટણા,

પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના સક્રિય સભ્ય નુરૂદીન જંગી ઉર્ફ એડવોકેટ નુરૂદીનની એટીએસ અને બિહાર પોલીસની સંયુક્ત ટીમે આલમબાગથી ધરપકડ કરી હતી. આરોપી પીએફઆઈના સક્રિય સભ્યોની બેલ કરાવતો હતો. નુરૂદીન અને તેના સાથી બિહારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રસ્તાવિત પ્રવાસ કાર્યક્રમાં ગરબડી કરવાની તૈયારી કરી રહ્યા હતા. તેના માટે તેમને તાલીમ પણ આપવામાં આવી રહી હતી. ADG ATS નવીન અરોડાએ જણાવ્યું કે, પટના પોલીસ અધિક્ષકે પત્ર લખીને



આરોપીની ધરપકડ કરવામાં મદદ માગી હતી.

બિહાર પોલીસની એક ટીમ લખનૌ આવી ગઈ હતી. ટીમે આરોપી બાબતે જાણકારી શેર કરી. ત્યારબાદ ATSએ નુરૂદીનને આલમબાગ સ્થિત મવૈયા રેલવે સ્ટેશન પાસેથી દબોચી લીધો હતો. નસીરુદ્દીન અહીં, મુસ્લિમ મુસાફરો ખાના ચારબાગમાં રાખી રહ્યો હતો. પૂછપરછમાં આરોપીએ જણાવ્યું કે, વર્ષ ૨૦૧૫માં તે પીએફઆઈ દરભંગાના જિલ્લાધ્યક્ષ સનાઉલ્લાહના સંપર્કમાં આવ્યો હતો. ત્યારબાદ તે પીએફઆઈ અને એસડીપીઆઈ સાથે જોડાઈ ગયો હતો ત્યારથી સક્રિય સભ્ય છે. વર્ષ ૨૦૨૦માં નુરૂદીન દરભંગા વિધાનસભા સીટથી એસડીપીઆઈના બેનર સાથે ચૂંટણી લડી હતી.

આરોપીને ત્યારે ૬૦૦ વોટ મળ્યા હતા. આરોપીએ જણાવ્યું કે, તેણે વર્ષ ૨૦૧૭માં દરભંગા સ્થિત મુખ્યમંત્રી લૉ કૉલેજથી LLBની ડિગ્રી હાંસલ કરી હતી પીએફઆઈ અને એસડીપીઆઈના સભ્યો સાથે સંબંધિત લોકોના જામીન એડવોકેટોના માધ્યમથી અલગ અલગ કોર્ટોમાં કરાવતો હતો. આરોપીના સાથીઓ અતહર પરવેઝ અને જલાલુદ્દીનની બિહાર પોલીસ પહેલ જ ધરપકડ કરી ચૂકી છે. આરોપીઓ પાસેથી પીએફઆઈ સાથે સંબંધિત પરચી, ધ્વજ અને બુકલેટ સહિત અન્ય આપત્તિજનક સામગ્રી મળી આવી હતી. બિહાર પોલીસ આરોપીના અન્ય સાથીઓ બાબતે જાણકારી એકત્ર કરી રહી છે.

નસીરુદ્દીન વિરુદ્ધ પટના (બિહાર)ના ફૂલવારી શરીફ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. બિહારના ઉર્દૂ બજારનો રહેવાસી નુરૂદ્દીન જંગી આ કેસમાં સંકળાયેલો હતો. આ દરમિયાન ઉત્તર પ્રદેશ એટીએસની પીએફઆઈના સ્થળોની તપાસ ફરી તેજ કરી દીધી હતી. આ અગાઉ CAA વિરોધી પ્રદર્શનોમાં સંગઠનનું નામ આવ્યા બાદ ઘણા પદાધિકારીઓની ધરપકડ કરીને જેલ મોકલવામાં આવ્યા હતા. પટનામાં થયેલા ખુલાસા બાદ સંગઠનની સક્રિયતા અને તેના ટ્રેનિંગ મોડ્યૂલની ફરીથી તપાસ કરવામાં આવી રહી છે.

### ૧૨ કરોડની વસ્તીમા માત્ર ૨ પ્રધાન !

## સુપ્રીમ કોર્ટનો ચુકાદો ના આવે ત્યા સુધી મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા સંજય રાઉતની માંગ

### રાજ્ય કેબિનેટમાં ૧૨ મંત્રી હોવા જરૂરી છે. જો સંખ્યા આનાથી ઓછી હોય તો બંધારણ તે મંત્રીમંડળને માન્યતા આપતું નથી

મુંબઈ,

શિવસેનાના સાંસદ સંજય રાઉતે ટ્વિટ કરીને મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની વિનંતી કરી છે. સંજય રાઉતે કહ્યું કે બાર્બાડોસ જેવા દેશમાં જ્યાં વસ્તી માત્ર ૨.૫ લાખ છે, ત્યાં ૨૭ મંત્રીઓ છે. પરંતુ મહારાષ્ટ્રની વસ્તી ૧૨ કરોડ હોવા છતાં અહીં કેબિનેટમાં માત્ર ૨ લોકો છે.

આ બંને મંત્રીઓ રાજ્યને લગતા તમામ નિર્ણયો લઈ રહ્યા છે. તેથી જ્યાં સુધી સુપ્રીમ કોર્ટની ડિવિઝન બેંચનો નિર્ણય ન આવે ત્યાં સુધી મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવું જોઈએ. સંજય રાઉતે ટ્વીટ કરીને આ માંગણી કરી છે. તેણે



પોતાના ટ્વીટમાં સીએમ એકનાથ શિંદે અને ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસના શપથ ગ્રહણનો ફોટો પણ શેર કર્યો છે. સંજય રાઉતે મહારાષ્ટ્રના રાજ્યપાલને પણ પૂછ્યું છે કે શું રાજ્ય બંધારણ મુજબ ચાલી રહ્યું છે?

અંગ્રેજીમાં કરવામાં આવેલા આ ટ્વિટ પહેલા સંજય રાઉતે મરાઠીમાં વધુ એક ટ્વિટ કર્યું છે. આ ટ્વીટમાં તેમણે બંધારણની કલમ ૧૬૪-૧એને ટાંકીને કહ્યું છે કે રાજ્ય કેબિનેટમાં ૧૨ મંત્રી હોવા જરૂરી છે. જો સંખ્યા આનાથી ઓછી હોય તો બંધારણ તે મંત્રીમંડળને માન્યતા આપતું નથી. સંજય રાઉતનું કહેવું છે કે છેલ્લા ૨ અઠવાડિયાથી મહારાષ્ટ્રના ૨ મંત્રીઓ (શિંદે-ફડણવીસ) દ્વારા અત્યાર સુધી લેવામાં આવેલા નિર્ણયોની કોઈ બંધારણીય માન્યતા નથી. ગવર્નર આ બધું શું ચાલી રહ્યું છે?

સંજય રાઉતના આ સવાલના જવાબમાં ભાજપના ધારાસભ્ય આશિષ શેલારે કહ્યું છે કે, શું સંજય રાઉત બંધારણને સમજે છે? તે એક ફિલ્મ પ્રોડ્યુસર છે. તેમણે ગજની પિક્ચર જોવું જોઈએ. કારણ કે તેમને ભુલવાની બિમારી છે. મહા વિકાસ આઘાડી સરકારનું કેબિનેટ વિસ્તરણ ૩૨ દિવસ સુધી થયું ન હતું. ત્યા સુધી માત્ર ૭ મંત્રીઓએ જ નિર્ણય લીધા હતા. તો પછી તેમણે લીધેલા નિર્ણયો પણ રદ થવા જોઈએ. કારણ કે તે સમયે પણ ૧૨ મંત્રીઓ કેબિનેટમાં નહોતા.' આશિષ શેલારે સંજય રાઉતને યાદ અપાવ્યું કે માત્ર ૧૬ દિવસ વીતી જવા પર શિંદે-ફડણવીસ સરકારના કેબિનેટના વિસ્તરણ પર સવાલો ઉઠાવી રહ્યા છે. જ્યારે મહા વિકાસ આઘાડીની સરકાર બની અને બત્રીસ દિવસ સુધી મંત્રીમંડળનું વિસ્તરણ ન થયું ત્યારે તેમણે આ પ્રશ્ન કેમ ન ઉઠાવ્યો?

## પશ્ચિમ બંગાળના માલદામાં બોમ્બ બ્લાસ્ટ થતાં બે લોકોના મોત,તપાસના આદેશ

કોલકતા,

પશ્ચિમ બંગાળના માલદામાં બોમ્બ બ્લાસ્ટ થયો છે, જેમાં અત્યાર સુધીમાં બે લોકોના મોત થયા છે. આ બોમ્બ વિસ્ફોટની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ગોપાલપુરના માણિક ચોકમાં બ્લાસ્ટ થયો હતો. અત્યાર સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી.

પશ્ચિમ બંગાળના માલદા જિલ્લામાં રવિવારે વહેલી સવારે થયેલા દેશી બનાવટના બોમ્બ વિસ્ફોટમાં બે લોકો માર્યા ગયા અને અન્ય ઘાયલ થયા.મૃતકોની ઓળખ ફરઝાન એસકે (૪૫) અને સફીકુલ ઈસ્લામ (૩૦) તરીકે કરવામાં આવી છે, જેઓ માનિકચક પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના જેસરથલા બલુટોલા ખાતે એક ખેતરમાં બોમ્બ બનાવી રહ્યા હતા ત્યારે અકસ્માત થયો હતો, એમ તેઓએ જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સ્થાનિક લોકોએ સવારે ૨.૩૦ વાગ્યાની આસપાસ જોરદાર વિસ્ફોટ સાંભળ્યો. અમારા કર્મચારીઓ આ વિસ્તારમાં પહોંચ્યા ત્યાં સુધીમાં જાણવા મળ્યું કે ત્રણ ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. હોસ્પિટલના ડોકટરોએ તેમાંથી બેને મૃત જાહેર કર્યા હતા, જ્યારે અન્ય વ્યક્તિ માલદા મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

## પાકિસ્તાન પણ શ્રીલંકાના માર્ગે, આર્થિક મોરચા પર અનેક રીતના પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે

ઈસ્લામાબાદ,

શ્રીલંકાનું સંકટ દિવસેને દિવસે ઘેરૂ બની રહ્યું છે.દેશ છોડી ભાગેલા રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે રાજીનામુ આપી દીધું છે. ૫૧ અરબ ડોલરના વિદેશી દેવાના બોજ હેઠળ આ દેશના લોકો માર્ગો ઉપર ઉતરી આવ્યા છે ત્યારે શ્રીલંકા બાદ હવે પાકિસ્તાન પણ કંગાળીના કિનારે પહોંચી ગયું છે.પાકિસ્તાન પર દેવનો બોજો વધી રહ્યો છે અને વિદેશી મુદ્રા ભંડાર ખુબ ઘટી રહ્યો છે ત્યારબાદ રેટીંગ એજન્સીઓએ તેના પ્રત્યે આશંકા વ્યકત કરી છે.

શ્રીલંકા,લેબનાન રશિયા સુરીનામ અને જામ્બિયા પહેલા જ ડિફોલ્ટ છે અને ઓછામાં ઓછા એક ડઝન દેશ એવા છે જેના ડિફોલ્ટ થવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે તેમાં પાકિસ્તાન ટયુનિશિયા યુક્રેન ધાના ઈથોપિયા ઈકવાડોર એર્જેટીના બેલારૂસ ઈજીપ્ત કેન્યા એલ સાલ્વાડોર નાઈઝીરિયા સામેલ છે.જો કે રશિયાના ડિફોલ્ટ થવાનું કારણ પૈસાની કમી નથી હકીકતમાં યુક્રેન પર રશિયાની સૈન્ય કાર્યવાહી બાદ અમેરિકા અને યુરોપે અનેક રીતના પ્રતિબંધ લગાવ્યા છે જેમાં પૈસાની લેવડદેવડનો પ્રતિબંધ છે.આ કારણે રશિયાને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે

જયારે પાકિસ્તાનની વપાત કરીએ તો દેશની આર્થિક સ્થિતિ ખુબ ખરાબ છે પાકિસ્તાનનો વિદેશી મુદ્રા ભંડાર ધટી ૯.૮ અરબ ડોલર સુધી પહોંચી ગયો છે જેથી જરૂરી વસ્તુઓની આયાત માટે મુશ્કેલી આવી શકે છે.પાકિસ્તાની રૂપિયો બનળો થઈ રેકોર્ડ નીચલા સ્તર પર પહોંચી ગયો છે દેશમાં નવી સરકાર આવી છે પરંતુ તેને આર્થિક મોરચા પર અનેક રીતના પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે.આ દરમિયાન પાકિસ્તાનને આઈએમએફની સાથે કર્મચારી સ્તરની સમજૂતિની મંજુરી મળી છે તેને ૧.૧૭ અરબ ડોલરની લોનનો હપ્તા અંગે સમજૂતિ થઈ છે.

જયારે પ્રતિબંધોએ ગત મહીને રશિયાને ડિફોલ્ટ કરી દીધો હતો જયારે બેલારૂસને પણ આ રીતના પ્રતિબંધોનો સામનો કરવો પડી રહ્યો છે જેણે યુક્રેનની સાથે યુધ્ધમાં રશિયાને સાથ આપ્યો લેટિન અમેરિકી દેશ ઈકવાડોર બે વર્ષ પહેલા જ ડિફોલ્ટ કરવામાં આવ્યું હતું પરંતુ હિંસક વિરોધ પ્રદર્શનો અને રાષ્ટ્રપતિ ગુડલેર્મો લાસોને બહાર કરવાના પ્રયાસે તેને સંકટમાં નાખી દીધુ છે.

## સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવાના રોડ ઉપર મોટા મોટા ખાડા પડી ગયા, સહેલાણીઓને ભારે હાલાકી

ડભોઈ,

રાજ્યમાં પડેલા ભારે વરસાદ ના કારણે ઠેક ઠેકાણે રસ્તા તૂટી ગયા છે. શહેરી વિસ્તારોમાં પાણીના નિકાલની વ્યવસ્થા વધુ ન હોવાથી રસ્તા તૂટી જાય તે સ્વાભાવિક છે પરંતુ હાઈવે પર પાણી ન ભરાય તે માટે બંને બાજુ પાણીના નિકાલ માટેની કેનાલો બનાવવામાં આવે છે. આના કારણે વરસાદનું બધું પાણી તેમાં વહી જાય છે છતાં હાઈવેના રોડ તૂટી જાય છે. વિવિધ શહેરોને જોડાતા હાઈવે તો ઠીક પણ સરકારના અતિ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગણાતા સ્ટેચ્યૂ ઓફ યુનિટીને જોડતો રસ્તો પણ તૂટી ગયો છે. જેથી આ રસ્તો બનાવનાર કોન્ટ્રાક્ટર કંપનીની કામગીરી સામે સવાલ ઊભા થયા છે. અત્યારે ડભોઈથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવાના રોડ ઉપર ડભોઈ પંથકમાં પડેલા વરસાદને પગલે મોટા મોટા ખાડા પડી ગયા છે જેને પગલે વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ રોડ પરથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ પસાર થતા હોવાથી તેમને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ડભોઈ પંથકમાં છેલ્લા એક સપ્તાહ થી વરસાદી મહોલ જામ્યો છે ત્યારે સીઝનનો કુલ ૨૫ ઈંચ જેટલો વરસાદ ખાબકી ગયો હોય ત્યારે ડભોઈના રોડ રસ્તાની પોલ ખુલ્લી પડી છે. આશરે ૪ વર્ષ પૂર્વે જ બનેલ ડભોઈથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી જવાના ફોરટ્રેક રોડ ઉપર ઠેક ઠેકાણે મોટા મોટા ખાડા પડેલા નજરે પડ્યા હતા. જ્યારે આ રોડ વિશ્વની સૌથી ઉંચી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતો મુખ્ય માર્ગ હોય રોજ બરોજ હજારો સહેલાણીઓ આ રોડ ઉપરથી જ પસાર થાય છે. આટલું જ નહિ આ રોડ ઉપરથી સરકારી કાર્યક્રમો જે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાયા છે ત્યારે અધિકારીઓ, મંત્રીઓ, અને રાજકીય આગેવાનો પણ પસાર થાય છે, પણ રોડ પરના ખાડા કોઈને દેખાતા નથી જ્યારે રોજ બરોજ પસાર થતા સાહેલાણીઓને વાહન ચાલકોને ખાડાને પગલે ભારે હાલાકી ભોગવી પડે છે માર્ગ મકાન વિભાગના પણ કેટલા અધિકારીઓ આ રોડ ઉપરથી પસાર તો થાય છે પણ ખાડા પુરવાની કોઈ પણ તસ્દી લેતા ન હોવાના સ્થાનિકો આક્ષેપો લગાવી રહ્યા છે. તંત્ર નિદ્રામાંથી જાગીને પહેલા ખાડા પૂરવા કાર્યવાહી કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## દેશમાં કોરોના એક જ દિવસમાં ૨૦ હજારથી વધુ કેસ, ૪૯ દર્દીઓના મોત

નવીદિલ્હી,

કોરોનાના નવા કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. દેશમાં સતત ત્રીજા દિવસે ૨૦ હજારથી વધુ કોરોના કેસ મળી આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૨૦ હજાર ૫૨૮ કેસ નોંધાયા છે, જે ગઈકાલની સરખામણીએ ૨.૪% વધુ છે. આ સાથે કોવિડને કારણે ૪૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. અગાઉ શનિવારે ૨૦,૦૪૪ જ્યારે શુક્રવારે કોરોનાના ૨૦,૦૩૮ કેસ નોંધાયા હતા.સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર કેરળમાં સૌથી વધુ નવા કેસ જોવા મળ્યા છે. અહીં ૨ હજાર ૮૭૧ કેસની પુષ્ટિ થઈ છે. આ પછી પશ્ચિમ બંગાળમાં ૨ હજાર ૮૩૯, મહારાષ્ટ્રમાં ૨ હજાર ૩૮૨,તમિલનાડુમાં ૨ હજાર ૩૪૦ અને કર્ણાટકમાં ૧ હજાર ૩૭૪ કેસ નોંધાયા છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૯ કોરોના સંક્રમિત દર્દીઓના પણ મોત થયા છે, જેના કારણે દેશમાં કોરોનાથી મૃત્યુ પામેલા લોકોની કુલ સંખ્યા વધીને ૫ લાખ



૨૫ હજાર ૭૦૯ થઈ ગઈ છે.દેશમાં કોરોનાનો રિકવરી રેટ હવે ૯૮.૪૭% છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૧૭ હજાર ૭૯૦ દર્દીઓ સાજા થયા છે. હાલમાં દેશમાં કોરોનાના ૧ લાખ ૪૩ હજાર ૪૪૯ સક્રિય કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં સક્રિય કેસોમાં ૨,૬૮૯ નો વધારો થયો છે.

કોરોના રસીકરણના મામલામાં દેશમાં એક નવો રેકોર્ડ બનવા જઈ રહ્યો છે. સંભવ છે કે આજે દેશમાં રસીકરણની કુલ સંખ્યા બે અબજ ડોઝ સુધી પહોંચી શકે છે. આ સાથે ભારત બે અબજથી વધુ ડોઝ આપનારો વિશ્વનો બીજો દેશ બની જશે. ભારત કરતાં વધુ રસીના ડોઝ માત્ર ચીનમાં જ લાગુ કરવામાં આવ્યા છે.

## મહારાષ્ટ્રમાં મંત્રીમંડળનું વિસ્તરણ ૨૦ જુલાઈએ યોજાશે

મુંબઈ,

મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસ સરકારના મંત્રીમંડળના વિસ્તરણની તારીખ નક્કી થઈ ચૂકી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ કાર્યક્રમ ૨૦ જુલાઈએ યોજાશે. અત્યાર સુધી એવી ચર્ચા હતી કે કેબિનેટનું વિસ્તરણ ૧૭ કે ૧૯ જુલાઈએ થઈ શકે છે. પરંતુ તમામ અટકળોને છોડીને નવી તારીખ નક્કી કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ પ્રથમ તબક્કામાં દસથી બાર લોકોને શપથ લેવડાવવામાં આવશે. નોંધનીય છે કે મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અત્યાર સુધી કેબિનેટ નક્કી ન કરી શકવાના કારણે વિપક્ષના નિશાના પર હતા. એવું કહેવાય છે કે એકનાથ શિંદે અને ફડણવીસ સરકારનું આ કેબિનેટ વિસ્તરણ બે તબક્કામાં થશે. જેમાં પ્રથમ તબક્કાની શપથ ગ્રહણ ચોમાસુ સત્ર પહેલા થશે. માહિતી અનુસાર, આ દરમિયાન ભાજપના છ ધારાસભ્યો અને શિંદે જૂથના લગભગ એટલા જ ધારાસભ્યો મંત્રી તરીકે શપથ લઈ શકે છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રકાંત પાટીલ અને દિગ્ગજ નેતા રાધાકૃષ્ણ વિખે પાટીલ પ્રથમ તબક્કામાં કેબિનેટ મંત્રી તરીકે શપથ લઈ શકે છે. તે જ સમયે, તે જોવામાં આવશે કે શિંદે જૂથમાંથી કોણ આ યાદીમાં જોડાય છે.

શિંદે સરકારના કેબિનેટ વિસ્તરણ માટે ૧૭ કે ૧૯ જુલાઈએ અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું. પરંતુ રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણી ૧૮મી જુલાઈના રોજ યોજાનાર હોવાથી તમામ ધારાસભ્યોએ મુંબઈ આવવું પડશે. આથી ધારાસભ્યોને મતવિસ્તારમાંથી વારંવાર મુંબઈ આવવું ન પડે તે માટે આ તારીખ નક્કી કરવામાં આવી છે. એકનાથ શિંદેને ૪૦ શિવસેના અને ૧૦ અપક્ષ સહિત ૫૦ ધારાસભ્યોનું સમર્થન છે. શિંદે જૂથને કેબિનેટ અને રાજ્યકક્ષાના પ્રધાનો સહિત કુલ ૧૩ પ્રધાનો મળવાની ધારણા છે. શિંદે જૂથના પાંચ સભ્યો ઠાકરે સરકારમાં કેબિનેટ મંત્રી હતા. નોંધનીય છે કે મુખ્યમંત્રી એકનાથ ઉપરાંત ગુલાબરાવ પાટીલ, દાદાજી પુઆલ, ઉદય સામંત અને સંદીપન ભુમરે અગાઉ શિંદે જૂથમાં કેબિનેટ મંત્રી રહી ચૂક્યા છે. આ સિવાય બેબી કડવા, શંભુરાજ દેસાઈ અને અબ્દુલ સત્તાર રાજ્યકક્ષાના મંત્રી રહી ચૂક્યા છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

બી. પી. શાહ

તરફથી અભીનંદન....

મુ. રતનપુરા, તા. કાલોલ, જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

મીનાબેન આર. પટેલ

તરફથી અભીનંદન....

મુ. મલાવ, તા. કાલોલ, જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લા સંકલન સમિતિ ભાગ-૧ અને ૨ ની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાઇ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મહિસાગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની ભાગ ૧ અને ૨ ની બેઠક જિલ્લા કલેકટર ડૉ.મનીષકુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન કલેક્ટરની કચેરીના સભાખંડમાં યોજાઇ હતી.

આ બેઠકમાં કલેકટરએ જનસુખાકારીના વિકાસના કામોને અગ્રતા આપી નિયત અવધિમાં પૂર્ણ કરી લોકોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ કરવી એ આપણું કર્તવ્ય છે. જેથી જનહિતને લગતા વીજળી, રસ્તા, પીવાના પાણી, સિંચાઈ, આરોગ્ય તેમજ શિક્ષણ વગેરે પ્રશ્નો ને સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહી પોતાના વિભાગ દ્વારા અપાયેલા લક્ષ્યાંક અને સિદ્ધિ અંગે પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું જેને કલેકટરએ નિહાળ્યું હતું. આ પ્રેઝનટેશનમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગેની આંકડાકીય વિગતો રજુ કરવામાં આવી હતી આ પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ તેઓએ બાકી કામોના લક્ષ્યાંકો ઝડપી અને સમયસર પૂર્ણ કરી પત્રકો નિયમિત મોકલી તેની ડેટા એન્ટ્રી કરાવી લેવા જણાવ્યું હતું. વધુમાં અરજદારની પડતર અરજીઓ, નાગરીક અધિકારપત્ર ની અરજીના નિકાલ, કચેરીની તપાસણી, બાકી સરકારી લેણાંની વસૂલાતની ઝુંબેશ, સરકારી કર્મચારીના બાકી પેન્શન કેશ વગેરે બાબતો અંગેની સમીક્ષા કરી સંબધિતોને જરૂરી સુચનો કર્યા હતા.

જિલ્લા સંકલન તેમજ ફરિયાદ સમિતિની બેઠકમાં પદાધિકારીઓ તરફથી રજૂ થયેલાં પ્રશ્નોની સમીક્ષા કરતાં કલેક્ટર દ્વારા જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરી, સમય મર્યાદામાં તે પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરી હતી.

આ બેઠકમાં લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવક, બાલાસિનોર ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણ, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, જિલ્લા પોલીસ વડા આર.પી.બારોટ, અધિક નિવાસી કલેકટર એ.આઇ.સુથાર, ડીઆરડીએ ડાયરેક્ટર જે.કે.જાદવ, પ્રાંત અધિકારીઓ, તથા જિલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર માનગઢ તા.૧૭ જુલાઈના રોજ ભીલ પ્રદેશ સંદેશ યાત્રા મહાસંમેલન યોજાયું



સંતરામપુર,
આદિવાસીઓનું ગૌરવ, ભારતનું બીજું જલિયાવાલા બાગ, માનગઢ ધામ ખાતે ઐતિહાસિક શહીદ સ્થળ, આદિવાસી પરિવાર ભીલપ્રદેશ મુકિત મોરચાના આહવાન પર, આદિવાસી ધર્મના અસ્તિત્વ, માલિકી, સંસ્કૃતિ અને સંરક્ષણ માટે ચાર રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાતમાંથી ૨ લાખ અને વધુને વધુ આદિવાસી લોકોનું મહારાષ્ટ્ર ભીલપ્રદેશ સંદેશ યાત્રા મહાસંમેલન યોજાયું હતું. ઘણા વર્ષો સુધી ચાલુ રાખ્યું.

ચાર રાજ્યોના આદિવાસી જિલ્લાઓનો સમાવેશ કરીને અલગ ભીલ પ્રદેશની માંગ કરવા લાખો લોકો ઉમટી પડ્યા હતા. ઉત્સાહ એવો હતો કે ૧૨ કિલોમીટર સુધી હજારો વાહનોનો મેળાવડો, શિસ્ત અને એકતા સર્જાઈ હશે.

વકતાઓ એ આદિવાસીઓની બોલી ભાષા, સંસ્કૃતિ, પૂજા પદ્ધતિ, જીવનશૈલી, પરંપરા અને રહેઠાણના આધારે અલગ ભીલ પ્રદેશની માંગણી કરી હતી.

ચિંતક ભંવરલાલ પરમાર બેલાદ ભક્તિ, પ્રકૃતિ ધર્મ ચંદાએ સૂર્ય નેજાની ભક્તિ વિશે જણાવ્યું. તેમણે એવા લોકો પર હુમલો કર્યો જેઓ આદિવાસી ઐતિહાસિક અને ધાર્મિક સ્થળો સાથે ચેડા કરી રહ્યા છે.

કાંતિભાઈ આદિવાસી આદિવાસીઓની પૂજા પદ્ધતિ અને ધર્મ અનાદિ કાળથી કહેવાતા સનાતન વગેરેથી પણ લાખો વર્ષ જૂનો હોવાનું જણાવ્યું હતું. આરએસએસ કાવતરૂં કરીને આદિવાસીઓની પૂજા અને ઐતિહાસિક સ્થળોને છીનવી લેવા માંગે છે. જે અમે ક્યારેય થવા દઈશું નહીં.અમે જડબાતોડ જવાબ આપીશું. કુદરત સાથે ધૂનિયો પર પ્રાચીન કાળથી જોડાયેલા પૂર્વજો, પૂર્વજો અને માતા-પિતા સિવાય કોઈની પૂજા કરી શકાતી નથી. ડો.હીરા મીનાએ શિક્ષણ, સાહિત્ય અને સંસ્કૃતિ બચાવવાનો આહવાન આપ્યો હતો. હલ્દીઘાટીથી લાવેલી માટીમાં આદિવાસી નેજા વાવીને ગોવિંદ ગુરૂ, સંત સુરમલ, ગોવનગર મહારાજ, દેવપુરી મહારાજ જેવા શહીદો અને સંતોને યાદ કરવામાં આવ્યા હતા.

આદિવાસીઓની સંસ્કૃતિ, પરંપરા અને પૂજા પદ્ધતિને કાવતરાખોરોથી બચાવવી પડશેબંધારણીય અધિકારો માટે સંઘર્ષ ચાલુ રહેશે. આ પ્રસંગે જયસ સંસ્થાનો સહયોગ મળ્યો હતો. મુખ્ય વકતા-ભંવરલાલ પરમાર સામાજિક ચિંતક, આદિવાસી સામાજિક ચિંતક કાંતિભાઈ, માંગીલાલ નિનામા કન્વીનર ભીલપ્રદેશ મુક્તિ મોરચા, દિનેશ ખાનન પ્રમુખ-આદિજાતિ કર્મચારી મહાસંઘ, પ્રો.મણીલાલ ગરાસિયા સામાજિક કાર્યકર, રાજકુમાર રોત ધારાસભ્ય ચૌરાસી, રામપ્રસાદ ડીંડોર ધારાસભ્ય સાગવાડા, પ્રફુલ્લ વસાવા ગુજરાત, રાજ વસાવા ગુજરાત, અજય ગાવિત મહારાષ્ટ્ર, રવિન્દ્ર પાડવી મહારાષ્ટ્ર, પ્રવીણ પાવરા મહારાષ્ટ્ર, કાંતિભાઈ ભાભર મધ્યપ્રદેશ, પોપટલાલ ખોખરીયા, રાજુ વલવાઈ ગુજરાત, ચંદુ મિડા મધ્ય પ્રદેશ, સીતા મીના સવાઈ માધોપુર, ડો. હીરા મીના જયપુર, રામલાલ દામા, થાવરચંદ ડામોર, ઉત્તમ ભાઈ રાઠોડ રાજકોટ, માયા કલાસુઆ, માણેકા ડામોર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ખાનપુરના કોલંબી ગામે ખેતરોમાંથી વરસાદી પાણીનો નિકાલ ન થતાં ખેડુતોમાં રોષ

ખાનપુર,
મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના કોલંબી ગામે મોટાભાગના ખેડુતોની જમીનમાં ચોમાસુ પાણી વર્ષોથી સ્ટોરેજ થાય છે. જેના નિકાલ માટે વારંવાર સંબંધિત વિભાગને રજુઆતો કરવા છતાં પાણીનો નિકાલ નહિ થતાં ખેડુતોમાં ભારે રોષની લાગણી વ્યાપેલી જોવા મળે છે.

કોલંબી ગામે ૧૮થી વધુ ખેડુતોની જમીનમાં છેલ્લા ૬/૭ વર્ષથી દર ચોમાસામાં વરસાદી પાણી ભરાઈ ગયા છે. જેના કારણે ખેડુતો ખેતી કરી શકતા નથી માટે ખેતીના થતાં પશુઓ માટે ઘાસચારો તેમજ અન્ય ચીજવસ્તુઓ કયાંથી લાવવી એ વિમાસણમાં છે ત્યારે ખેતરોમાં પાણી ભરાઈ રહેવાના પગલે ખેડુતોના જીવનનિર્વાહ ઉપર માઠી અસર પહોંચેલી છે. કેટલાંક માથાભારે તત્વોએ ચોમાસુ પાણીનો નિકાલ બંધ કરી દેતા આ બાબતે વારંવાર લેખિત-મૌખિક તંત્રને રજુઆતો કરવાથી અધિકારીઓ સ્થળ પર આવી ખોટા આશ્વાસન આપી લટાર મારી પરત જતા રહે છે પરિણામે દર વર્ષે ખેડુતોની સ્થિતિ કફોડી બનેલી જોવા મળે છે.અને સામે તંત્ર બેજવાબદાર બની માથાભારે તત્વોને પ્રોત્સાહન આપી રહ્યુ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. ત્યારે આ સમસ્યાનુ તાકિદે નિરાકરણ નહિ આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે જવાની ખેડુતોએ ચિમકી ઉચ્ચારી છે.

# સંતરામપુરના આંબા ગામે બસ અને કાર વચ્ચે અકસ્માતમાં ત્રણ વ્યકિતને ઈજાઓ




સંતરામપુર,
મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના આંબા ગામ પાસે શિફ્ટ ગાડી અને બસ સાથે અકસ્માત સર્જાયો. ગાડીમાં બેઠેલા ત્રણ વ્યક્તિને ગંભીર ઈજાઓ તથા સારવાર હેઠળ ખસેડાયા. સંતરામપુર ડોળી આંબા ગામ પાસે શિફ્ટ ગાડી અને બસ અકસ્માત સર્જાયો એકદમ ધડાકો થતા આજુબાજુના ગામના લોકો દોડી આવ્યા હતા. શિફ્ટ ગાડીમાંથી ગંભીર થયેલા ઈજા ગ્રસ્તોને બહાર કઢાયા ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા પરંતુ હાલમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થયેલ નથી. સંતરામપુર પોલીસ અકસ્માત ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# કડાણાના અમથાની પે સેન્ટર શાળામાં બાળ મેળો યોજાયો



કડાણા,
મહીસાગર જિલ્લાની કડાણા તાલુકાની અમથાની પે સેન્ટર શાળા બાળ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાખરના પાન માંથી પડિયા-પતરાળાં, વિવિધ પ્રકારના ફુલ માંથી તોરણ, સાથીયા, ઓમ જેવી રંગોળી પૂરવામાં આવી હતી. ખેતી કામના વિવિધ ઓજાર હળ, સમાર, જુહરી વગેરે બનાવી સમજ આપવામાં આવી હતી. બળોકો દ્વારા પંકચર, કાડવું, વૃક્ષને પાણી પાવવું વગેરે કરવામાં આવ્યું હતું.

# સંતરામપુરના પાદેડી ગામે રોડ ઉપર આવેલું ઝાડ રાહદારી અને વાહન ચાલકો માટે જોખમી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના પાદેડી ગામે રોડની નજીક જ મહુડાનું ઝાડ ચારે બાજુથી નીચેના ભાગમાં સળી ગયેલું અને ઉપરથી પોલું થઈ જવાના કારણે ગમે ત્યારે પણ પડી શકે ચોમાસાના સમયમાં અને વાવાઝોડાના કારણે દુર્ઘટના બની શકે છે. આજ રોડ ઉપર સતત વાહન ચાલકોનો પસાર થતા હોય છે. સૌથી વધારે નાના-મોટા વાહનો આ રોડ ઉપર જ થી પસાર થાય છે. નાના મોટા વાહન ચાલકો માટે થયેલું છે. ફોરેસ્ટ વિભાગ દ્વારા મહુડાના ઝાડને કટીંગ કરવામાં આવે તે જરૂરી છે નહીં તો આવા ચોમાસા દરમિયાનમાં મોટી ઘટના પણ બની શકે છે અને જાનહાની પણ થઈ શકે છે.

# બાહી ગામમાં ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો



બાહી,
બાહી ગામમાં ધી નવચેતન ઈંગ્લિશ સ્કૂલ બાહી તથા બાહી ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે ગુરૂ વંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો. બાહી ગામના વતની અને હાલ પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓની કચેરી વડોદરામાં અધિક કલેક્ટરની ફરજ નિભાવતા ગોપાલ બામણિયાની પ્રેરણાથી તેમની ટીમ દ્વારા આ કાર્યક્રમ યોજવામાં આવ્યો. કાર્યક્રમના અધ્યક્ષપદે લાલસિંહજી વડોદિયા (પૂર્વ સાંસદ રાજયસભા) અને મુખ્ય મહેમાનમાં નૈષધ મકવાણા (સાહિત્યકાર-લેખક, પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી) તેમજ અતિથિ વિશેષ કુલદિપસિંહજી સોલંકી (એક્ઝિક્યુટિવ કાઉન્સીલ મેમ્બર ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા) તેમજ પી.ડી સોલંકી (પ્રમુખ વિદ્યોત્તેજક મંડળ) હાજર રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. પ્રાર્થનાના શબ્દો તેરી પનાહ મેં.. દ્વારા કાર્યક્રમને ઉર્જા મળી હતી. ત્યારબાદ આવેલ મહેમાનોનું હૃદયથી સ્વાગત કરવા ધોરણ ૧૦ની વિદ્યાર્થીનીઓએ સ્વાગત અભિનય ગીત રજૂ કર્યું હતું. શબ્દોથી સ્વાગત માટે બાહી ગ્રામ પંચાયતના સરપંચ હસમુખભાઈ પરમારે (તાલુકા ડેલીગેટ )સર્વનું સ્વાગત અભિવાદન કર્યું હતું. ત્યારબાદ આવેલા મુખ્ય મહેમાનોનું પુષ્પગુચ્છ, પુસ્તક અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવો અને ગોપાલ બામણિયા વતી તેમના ભાઇ ગિરિશચંદ્ર બામણિયા દ્વારા બાહી ગામના નિવૃત્ત શિક્ષકઓ સરદારસિંહ પગી, પ્રેમાભાઇ વણકર, નટવરસિંહ સોલંકી, ભારતસિંહ સોલંકી અને વિમળાબહેન વણકરનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ગુરૂ શિષ્ય પરંપરાનો ચિતાર જોવા મળ્યો હતો. જેમાં ભૂતપૂર્વ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે વર્તમાન શિક્ષકોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. તેમજ તાજેતરમાં લેવાયેલ એસ.એસ.સી અને એચ.એસ.સી બોર્ડની પરીક્ષામાં અવ્વલ ક્રમાંક પ્રાપ્ત કરેલ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને ગોપાલ બામણિયા તરફથી મેડલ અને પ્રમાણપત્ર મહાનુભાવોના વરદહસ્તે આપીને વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં નૈષધ મકવાણાએ વિદ્યાર્થીઓને ગુરૂ જ્ઞાન, કારકિર્દી, વિદ્યાર્થી જીવન સંસ્કાર વગેરે મુદ્દાઓ પર પ્રકાશ પાડયો હતો. ગોપાલ બામણિયાના શુભેચ્છા સંદેશ સાથે લાલસિંહજી વડોદિયાએ તેમના શિક્ષણ અનુભવના ઉદાહરણો થકી વિદ્યાર્થી જીવન મજબૂત બનાવી શકાય, વિદ્યાર્થી સફળ બની શકે, એ અંગે ઉદાહરણ સહિત ચર્ચા કરી હતી. પી.ડી.સોલંકી દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કુલદીપસિંહ સોલંકી દ્વારા વિદ્યાર્થી જીવનના સંઘર્ષો, તેમની કારકિર્દી તેમના ઘડતર પરિબળોમાં શિક્ષકોનો રહેલો ફાળો અને તે અંગે ગુરૂઓનું ઋણ અદા કરવાની ક્ષમતા, ગુરૂઓના કારણે જ સફળ છું એ વિચારો રજૂ કરાયા હતા.

કાર્યક્રમમાં બાહી ગામના વતની અને હાલ ઉમરેઠ હાઇસ્કૂલના પ્રિંસિપાલ હિતેંદ્રસિંહજી સોલંકી, બાહી કુમાર શાળાના મુખ્યશિક્ષક રામાભાઇ વણકર અને બાહી કન્યા શાળાના મુખ્ય શિક્ષક અજિતસિંહ પરમાર તેમજ શાળાનો સ્ટાફ હાજર રહેલ હતા. બાહી ગામના સરપંચ, ઉપસરપંચ, દૂધ ઉત્પાદક ડેરીના ચેરમેન, તલાટી કમ મંત્રી, બન્ને પ્રાથમિક શાળાના એસ.એમ.સી. સભ્યો, ગામના વડીલો, યુવાનોબહેનો અને ત્રણેય શાળાના વિદ્યાર્થીઓ હાજર રહી કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. કાર્યક્રમનું સુચારૂ સંચાલન મોહસીન મીર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની આભારવિધિ આચાર્ય કે.કે. સોલંકી દ્વારા કરવામાં આવી. અંતે સૌ વિદ્યાર્થીઓએ મહેમાનોએ વડીલોએ ગ્રામજનોએ ભોજન પ્રસાદ લઈને વૃક્ષારોપણ કરી ગુરૂવંદના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વિરપુરના ડેભારી ગામે જર્જરિત આંગણવાડીમાં જીવના જોખમે ભણતા બાળકો


વિરપુર,
વિરપુર તાલુકાના ડેભારી ગામની જર્જરિત આંગણવાડીમાં જીવના જોખમે ભણે છે. છતમાંથી તિરાડ પડતા રસોડામાં પાણી ટપકે છે. દિવાલો પણ જર્જરિત થઈ છે. બાલમંદિરમાં બાળકોને પણ બેસાડી શકાય તેમ નથી. આંગણવાડીની બહાર આસપાસ ઝાડી-ઝાંખરા ઉગી નીકળતા સાંપ વગેરે જીવ જંતુના ડરે બાળકો મેદાનમાં પણ રમી શકતા નથી. તંત્રને અનેકવાર રજુઆતો થઈ છે પરંતુ આંખ આડા કાન થતાં બાળકોના માથે જોખમ વધ્યુ છે. આંગણવાડીની સંચાલક બહેન દ્વારા પણ વારંવાર રજુઆત છતાં કોઈ કાર્યવાહી થઈ નથી.

# હાલોલ વિધાનસભા મતવિસ્તારના હાલોલ તાલુકાના ઘાંટા ગામમાં આમ આદમી પાર્ટીની મીટીંગ યોજાઈ




હાલોલ,
આ મીટીંગમાં ખુબ જ મોટી સંખ્યામાં વડીલો અને યુવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા. ઘાંટા ગામમાં ભાજપ સરકારના ૨૭ વર્ષ થીં ચાલતી સરકાર છે. પરંતુ ભાજપ અને કોંગ્રેસ ભારત દેશ આઝાદ થયો ત્યારે થી લઈને આજ દિન સુધી ગામમાં વિકાસ જેવું કંઈ નથી, ગામ લોકોના જણાવ્યા મુજબ શિક્ષણ, વીજળી, મોંઘવારી ભષ્ટ્રાચાર, બેરોજગારી, ખેડૂતોને ભાવ પણ સારા મળતા નથી આવી પરિસ્થિતિમાં ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની ગયું છે.

વર્ષો થી કોંગ્રેસ અને ભાજપને વોટ આપ્યો હતો, પરંતુ હવે આ સરકાર થી પરેશાન થઈ ગયાં છે. દીલ્હી, પંજાબ આમ આદમી પાર્ટીની સરકારના પ્રજાલક્ષી નિર્ણય થી અમે ગામ લોકો આમ આદમી પાર્ટી માં જોડાવા માટે નિર્ણય કર્યો હતો. આ મીટીંગમાં પંચમહાલ જિલ્લા સંયુક્ત સચિવ અર્જુનસિંહ બારીયા એ ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા કે, ભાજપનો વિકાસ ટીવી પર દેખાય છે પણ ગ્રાઉન્ડ પર ભાજપ ફેલ છે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે ઉદ્દબોધન કરતાં પંચમહાલ જિલ્લા ઉપપ્રમુખ પ્રવિણ રાઠવા એ ભાજપને ઘર ભેગા કરી દેવા ગામે ગામ ફરી એક સંદેશ સાથે ગ્રામજનોને એક સંદેશ આપ્યો હતો. હાલોલ વિધાનસભા સંગઠન મંત્રી સંજય સોલંકી ભાજપના ધારાસભ્યો મંત્રીઓને મફત લાઈટ મળે છે. તે જ રીતે આમ આદમીને આમ જનતાને મળવું જોઈએ તેમજ હાલોલ વિધાનસભા સંગઠન મંત્રી જયેશ બારીયા ભાજપના નેતાઓ અમારા કાર્યકરોને ધમકાવાના પ્રયાસ કરી રહ્યા છે, પણ ભાજપના નેતાઓએ પણ ધ્યાન રાખવું જોઈએ કે આ કોંગ્રેસ વાળા નથી. આ એક આમ આદમી પાર્ટીના ક્રાંતિકારી યોદ્ધા ઓ છે. જેવા સાથે તેવા એટલે ભાજપ માપમાં રહે તેમ જણાવ્યું હતું.


લુણાવાડા કોલેજ ખાતે વિદ્યાર્થીઓમાં ટેબલેટ વિતરણ કરાયું. આ સાથે કોલેજ પ્રીન્સિપાલ અલ્પેશભાઈ પંડ્યા, મહિસાગર ભાજપ રાજકીય પ્રતિસાદ અને પ્રતિક્રીયા વિભાગ સંયોજક પ્રોફેસર હર્ષ દવે સહિત અધ્યાપક મિત્રો ઉપસ્થિત રહ્યા.


લુણાવાડા કોલેજ ખાતે NSS-NCC દ્વારા વૃક્ષારોપણ કોલેજ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલ જેમાં કોલેજ મેનેજમેન્ટના ચીફ સેક્રેટરી હરીભાઈ પટેલ, મહિસાગર જીલ્લા ભાજપ રાજકીય પ્રતિસાદ અને પ્રતિક્રિયા વિભાગ સંયોજક પ્રોફેસર હર્ષ દવે, ફીઝીકલ ડાયરેકટર અને ભાજપ પ્રદેશ રમત ગમત સેલના સભ્ય ઈશ્વરભાઈ ડામોર, પ્રોફેસર જે.પી. ચૌધરી, ઉપસ્થિત રહ્યા.


પંચમહાલ જિલ્લાના હાલોલ નગરમાં આવેલ ગુરૂકૃપા સોસાયટીના એક મકાનમાં પતિના દેહાંત પછી માતા તેમનો પુત્ર સાથે રહેતા હતાં. શનિવારના રોજ બપોરના સમયે મહિલા અને તેમનો પુત્ર બજારમાં ખરીદી માટે નીકળ્યા હતાં. આ સમય દરમ્યાન સોસાયટીના આસપાસના રહીશોને કાઈ સળગતા હોવાની બદબુ આવતા જોતાં મકાનમાં આગ ભભૂકતી હતી. સ્થાનિક રહીશો દોડી આવતા આગને બુઝાવાની કોશિષ કરી તાત્કાલિક હાલોલ ફાયર ફાઈટરને જાન કરતા નગર પાલિકા ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં લીધી. ઘરમાં અચાનક ઈલેક્ટ્રિક શોટ સર્કિટ થતા બંધ મકાનમાં આગ લાગી હોવાનુ જાણવા મળ્યુ છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે સફળતાનો રહેશે. નોકરી કે ધંધામાં અન્ય લોકો કરતા સારું પ્રદર્શન કરશો. સંપત્તિનો લાભ પણ તૂટક તૂટક થશે, જે ભાવિ યોજનાઓને મજબૂત બનાવશે. ગીચ સ્થળોએ જવાનું ટાળો અને સુરક્ષા સાથે ઘરની બહાર જાઓ. પરિવારમાં કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

વૃષભ : પિતાના માર્ગદર્શનથી લાભ થશે અને પારિવારિક વ્યવસાયને વિસ્તૃત કરવાની યોજના સફળ થશે. આત્મનિર્ભરતાની ભાવનાથી, થોડા વિલંબ સાથે સફળતા પ્રાપ્ત થશે. ઘરના ખર્ચ આજે વધુ થશે.

મિથુન : આજે દિવસની શરૂઆતમાં તમે જે મહેનત કરો છો તેનાથી સંપત્તિ અને સન્માન મળશે. પરંતુ, આજે મોટાભાગના કામ પણ વચ્ચે અટકી શકે છે. કાયમી મિલકતથી લાભ થશે.

કર્ક : આ દિવસે તમે કાળજી સાથે કામ કરશો, છતાં સફળતામાં શંકા રહેશે. વ્યાવહારિકતાના અભાવને લીધે તમને જોઈએ તેટલો ફાયદો નહીં મળે. બિનજરૂરી તકરાર ઘરે અથવા બહાર થઈ શકે છે, તેથી તમારી વાણી પર સંયમ રાખો.

સિંહ : આ દિવસે તમે બુદ્ધિથી કામ કરશો, પરંતુ પરિસ્થિતિ તમારા કામમાં દરેક રીતે અવરોધ લાવી શકે છે. કાર્ય વ્યવસાયમાં કંટાળો આવશે, ધૈર્યથી કામ કરતા રહેશો.

કન્યા : આજે મોટો ઉતાર ચઢાવનો દિવસ રહેશે. થોડો ગુસ્સો પ્રકૃતિમાં રહી શકે છે, તેમ છતાં દૈનિક કાર્યોમાં તેની કોઈ અસર નહીં પડે. ક્ષેત્રમાં મહેનત મુજબ લાભ થશે. રોજિંદા ધંધામાં આળસને કારણે જરૂરી કામમાં વિલંબ થઈ શકે છે.

તુલા : દિવસની શરૂઆતમાં મુશ્કેલીઓ હોવા છતાં શકિતમાં વધારો થશે. ઓફિસમાં તમારું અનુકૂળ વાતાવરણ રહેશે. તમે કોઈ પણ રચનાત્મક કાર્યને પૂર્ણ કરવામાં દિવસ પસાર કરી શકો છો.

વૃશ્ચિક : સ્વાસ્થ્ય સંબંધિત વિષયો સિવાય આજનો દિવસ સામાન્ય રહેશે. આજે કામના ધંધામાં મન ઓછું રહેશે, તેમ છતાં આસપાસ આકસ્મિક પૈસા આવવાના કારણે ખુશી થશે. ગીચ સ્થળોની મુલાકાત લેવાનું ટાળો અને સામાજિક અંતરના નિયમોનું સંપૂર્ણ પાલન કરો. કોઈપણ પરિષદમાં ભાગ લેવાનું ટાળો.

ધનુ : ગણેશજી કહે છે, આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. મિત્રોની સહાયથી અધૂરા કામ પૂરા થશે. કોઈ પણ મહત્વપૂર્ણ બાબતે માતા-પિતા સાથે મહત્વપૂર્ણ ચર્ચા થશે. પડોશીઓ અને ભાઈઓ સાથે વાત કરવા મૌન હોવું જોઈએ. ઓફિસમાં તમારા વિચારો મુજબ વાતાવરણનું નિર્માણ થશે અને સાથે કામ કરનારાઓ તમારો સાથ આપશે.

મકર : આજનો દિવસ વ્યવસાય માટે સારો રહેશે, તેમ છતાં ઉધાર આપશો નહીં, પૈસા ફસાઈ શકે છે. જોબ પ્રોફેશનલ્સનું સારું કામ કરવા બદલ સન્માન કરવામાં આવશે. અધિકારીઓ તમારામાં વધુ વિશ્વાસ બતાવશે.

કુંભ : તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો આજનો દિવસ છે. સામાજિક અંતરના નિયમોનું સંપૂર્ણ પાલન કરો અને જરૂરી હોય ત્યારે જ ઘરની બહાર નીકળો. ધંધાના મામલામાં દિવસ આનંદદાયક રહેશે.

મીન : ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ફાયદો થશે પરંતુ આર્થિક સ્થિતિ થોડી તણાવપૂર્ણ બની શકે છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. કોઈ પોતાના માટે કેટલાક પૈસાની વ્યવસ્થા કરવી પડી શકે છે. નોકરી શોધનારાઓ માટે તમારી આસપાસ એક નવી તક છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા સેવા સદન ખાતેના સભાગૃહ ખાતે આજે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં યોજાઇ હતી. કલેકટરએ બેઠકમાં વરસાદની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્રને સ્ટેન્ડ ટુ રહેવા સૂચના આપી હતી. જિલ્લામાં કોઇ પણ સ્થળે અઇચ્છનીય ઘટના બને તો કંટ્રોલ રૂમને તુરંત જાણ કરવા અધિકારીઓને સૂચના આપી હતી. ભારે વરસાદની સ્થિતિનો સામનો કરવા અને નાગરિકોના જાનમાલની સુરક્ષા અને સલામતી માટે સુસજ્જ રહેવા તેમણે જણાવ્યું હતું.

કલેક્ટર ડો. ગોસાવીએ રાજ્યમાં ભારે વરસાદ સહિતની સ્થિતિ હોય તંત્રને એલર્ટ મોડ પર રહેવા જણાવ્યું હતું. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, જિલ્લામાં વરસાદને કારણે કોઇ પણ પ્રતિકુળ પરિસ્થિતિ સર્જાય તો તંત્ર તુરત તેનો પ્રતિઉત્તર આપવા સાબદું રહેવું જોઇએ. વરસાદને કારણે થયેલા નુકશાન સામે તુરત રાહત કામગીરી તેમજ નાગરિકોને થયેલા નુકશાનનું તુરત ચુકવણા કરવા તેમણે જણાવ્યું હતું.

કલેકટરએ ઉમેર્યું કે, વરસાદને કારણે રોડ–રસ્તાના નુકશાનનું તુરત સમારકામ કરવાનું રહેશે તેમજ રસ્તા ઉપર વૃક્ષો વગેરે પડી ગયા હોય તેનો તાત્કાલિક હટાવી લેવાની કામગીરી હાથ ધરવાની રહેશે. વરસાદને કારણે મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગ માથું ન ઉપાડે તે માટે સ્વચ્છતા તેમજ ફોગિંગ વગેરેની કામગીરી ઝુંબેશ સ્વરૂપે કરવા તેમણે જણાવ્યું હતું. બેઠકમાં જે અધિકારીઓ, કર્મચારીઓના કોવીડ પ્રિકોઝન ડોઝ લેવાના બાકી હોય તેઓ સત્વરે લઇ લેવા જણાવાયું હતું. તદ્ઉપરાંત બેઠકમાં જિલ્લામાં આગામી યોજાનારી બોર્ડની પૂરક પરીક્ષાઓ તેમજ હર ઘર તિરંગા કાર્યક્રમ, ઉજ્જવલ ભારત, ઉજ્જવલ ભવિષ્ય કાર્યક્રમના આયોજન બાબતે ચર્ચા થઇ હતી.

કલેકટરએ નાગરિક અધિકાર પત્ર અંતર્ગત મળેલી અરજીઓ તેમજ પડતર તુમારનો ઝડપભેર નિકાલ કરવા અધિકારીઓને સૂચના આપી હતી.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા, લીમખેડા પ્રાંત અધિકારી રાજ સુથાર, નિવાસી અધિક કલેકટર એ.બી. પાંડોર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ફતેપુરા તાલુકાના નાનીરેલમાં દીપડાએ બકરીનું મારણ કરતા પંથકમાં ફફડાટ ફેલાયો


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

અમોએ અગાઉ વટલી ગામમાં દીપડો આવ્યો હોવાની બાબત જાણતા દીપડાના રેસક્યુ માટે અમોએ વન ખાતાના કર્મચારીઓની ટીમ બોલાવી રેસ્ક્યુ કર્યું હતું અને દીપડાને પકડી પાડવા માટે પાંજરાઓ પણ મૂક્યા હતા. પરંતુ દિપડો હાથમાં આવ્યો ન હતો. જ્યારે હાલ નાની રેલમાં દીપડાએ બકરીનું મારણ કરી ભાગી છૂટેલા દીપડાને પકડી પાડવા માટે અમો પ્રયત્નશીલ છીએ. તેમજ મૃત પશુઓ વિગેરે ખુલ્લામાં નાખવા જોઈએ નહીં. તેની ગંધથી જંગલી પશુઓ આવતા હોય છે. જેથી મૃત પશુને ઊંડો ખાડો ખોદી તેનો નિકાલ કરો કરવો જોઈએ.
**આર.ડી પારગી રેન્જ કચેરી ફતેપુરા**

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના નાનીરેલમાં ગતરોજ રાત્રિના દીપડાએ એક બકરીનું મારણ કરી જઈ રહેલા દીપડાને કૂતરાઓ પાછળ પડતા દીપડો મૃત બકરીને છોડી ભાગી જવા પામેલ છે. જેથી ખાસ કરીને રાત્રિના સમયે પંથકની પ્રજામાં વન્ય પ્રાણી દ્વારા કરવામાં આવતા હુમલાથી ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જ્યારે ફતેપુરા રેન્જ કચેરીના કર્મચારીઓ દ્વારા દીપડાને પકડી પાડવા માટે શોધખોળ ચાલુ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના નાનીરેલના માતા ફળિયા ખાતે રહેતા રાકેશભાઈ દલસિંગભાઈ ડામોર ગત રાત્રિના દસેક વાગ્યાના અરસામાં જમી પરવારી ઊંઘવાની તૈયારી કરી રહ્યા હતા. તેવા સમયે જોર જોરથી કૂતરાઓ ભસવાનો અવાજ થતા દરવાજો ખોલી બહાર નીકળી જોતા પોતાના ઢાળીયામાં બાંધેલ બકરીને ગળામાં પકડી દીપડો જઈ રહ્યો હતો. તેવા સમયે કૂતરાઓ પાછળ પડતાં મૃત બકરીને છોડી દિપડો ભાગી ગયો હતો. જે વાત ગામમાં ફેલાઈ જતા ગામમાં ભયનો માહોલ સર્જાયો હતો. ત્યારબાદ ગામમાં દીપડો આવ્યો હોવાની બાબતે ફતેપુરા જંગલ ખાતાના કર્મચારીઓને જાણ કરાતા ત્યાંથી કર્મચારીઓ આવી પહોંચ્યા હતા. પરંતુ દીપડાની ભાળ મળી ન હતી. થોડા દિવસો અગાઉ પણ વટલીમાં દીપડાએ દેખા દીધી હતી અને કુતરાઓએ પાછળ પડી દીપડાને ભગાવી મૂક્યો હતો. ત્યારે તેને પકડવા જંગલ ખાતાની ટીમ દ્વારા રેસ્ક્યુ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ ભાગી છૂટેલા દીપડાના કોઈ વાવડ મળ્યા ન હતા. જ્યારે હાલ નાની રેલમાં દીપડાએ બકરીનું માંરણ કરી ભાગી છુટતા પંથકમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હોવાનું જાણવા મળે છે.

# દે.બારીયા ખાતે એક ઈસમે નોકરી આપવાના બહાને બિભત્સ માંગણી કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા નગરમાં એક ઈસમ દ્વારા એક ૧૯ વર્ષીય યુવતીને નોકરી અપાવવાના બહાને બિભિત્સ માંગણીઓ કરતા પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

દેવગઢ બારીયા નગરમાં મિત્રમિલન સોસાયટી રાજ મહેલ રોડ ખાતે રહેતો સચિન વિભાગકર બક્ષી દ્વારા દેવગઢબારિયા તાલુકામાં રહેતી એક ૧૯ વર્ષીય યુવતીને મોબાઈલ ફોન કરી મોબાઈલ ફોન ઉપર નોકરી અપાવવાના બહાને ગત તારીખ ૧૬ મી જુલાઈના રોજ સારીરીક, જાતીય બિભિત્સ, માંગણીઓ કરતા આ સંબંધે યુવતી દ્વારા દેવગઢબારિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયા ભે દરવાજાના બહાર ફોરેસ્ટ નાકા માટે બેરલનો પોલ ઉભો કરવા માટેના મસમોટો ખાડો અકસ્માત નોતરી શકે છે


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેરના ભે દરવાજા શહેરનો સ્ટેટના સમયનો ઐતિહાસિક પ્રવેશ દ્વારા છે. તેના બિલકુલ બહાર નોર્મલ ફોરેસ્ટ વિભાગનું ચેક નાકું આવેલ છે. જેની પાસે ફોરેસ્ટ વિભાગના દ્વારા લાકડા ભરેલ ગાડીઓ ચેક કરવા માટે ૨૪ કલાક એક ફોરેસ્ટ ગાર્ડ તૈનાત રહે છે. લાકડાં ભરેલી ગાડીઓનું પાસ પરમીટ છે કે નહી બેરીયલ માટે એક મસમોટું ખાડો છે. છેલ્લા પંદર દિવસ થી ખોદીને રાખતા તેમાં પડવાનો ભય રહ્યો છે. આ મસમોટો ખાડો વન વિભાગે ખોદેલો છે. તો તેનું કાર્ય હાથ ધરવામાં આવે અથવા આ ખાડાને પુરાણ કરવામાં આવે નહીં તો ટુંક સમયમાં શ્રાવણ માસ આગળ આવતો હોય જેથી આ રોડ પાવાગઢ માટે પગપાળા યાત્રાળુઓ માટે આ રોડના ખાડા અને વન વિભાગે ખોદેલો ખાડો કોઈ મોટી દુર્ઘટના સર્જી શકે છે અને વરસાદના કારણે જે માર્ગમાં મસમોટા ખાડાનું માર્ગ વિભાગના દ્વારા પુરાણ કરવામાં આવે તેવી આમ જનતાની બુલંદ માંગ ઉઠવા પામી છે. હવે એ જોવાનું રહે છે કે, વન વિભાગ અને માર્ગ મકાન વિભાગ આ બન્ને વિભાગના કાર્ય ક્ષેત્રમાં આવતું સમારકામ કાર્ય ક્યારે પુરો કરવા આવશે તે તો આવનારો સમય બતાવશે.

# ભારતીય કૃષિ અનુસંધાન પરિષદનાં સ્થાપના દિવસ નિમિત્તે દાહોદનાં મુવાલીયા ફાર્મ સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે કાર્યક્રમ યોજાયો

દાહોદ,

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદનાં સ્થાપના દિવસ નિમિત્તે દાહોદનાં મુવાલીયા ફાર્મ સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્રિય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્રસિંહ તોમરની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં કાર્યક્રમ યોજાયો હતો. અહીં દાહોદમાં યોજાયેલા કાર્યક્રમમાં ૧૫૬ ખેડૂતો સહભાગી થયા હતા. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકોએ ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા સમજ આપી હતી.

આ પ્રંસગે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. એચ. એલ. કાચા એ જણાવ્યુ કે ખેડૂતો વૈજ્ઞાનિક ઢબ અપનાવી ખેતી કરે તો તેમની આવકમાં નોંધપાત્ર વધારો થાય અને જય જવાન જય કિસાન જય વિજ્ઞાન સુત્ર સાચા અર્થમાં ફલિતાર્થ થાય. ખાસ કરીને પ્રાકૃતિક ખેતી અપનાવવાથી ઉત્પાદન, આવકની સાથે જમીનની ગુણવત્તામાં પણ વધારો થાય છે. જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા તેમણે અપીલ કરી હતી.

નવી દિલ્હી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્રસિંહ તોમરના અધ્યક્ષ સ્થાને તથા પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગ કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા, રાજ્ય કક્ષાના મંત્રી કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ કૈલાશ ચૌધરી, તેમજ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હીના અધિકારીઓ ડો. ત્રિલોચન મહાપાત્રા, ડી.જી.આઇ.સી.એ.આર., ડો. એ. કે. સિંઘ, ડી.ડી.જી.આઇ.સી.એ.આર.ની પ્રેરક ઓનલાઈન ઉપસ્થિતિમાં દાહોદ જીલ્લાના કુલ ૧૫૬ ખેડૂતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ ઓનલાઈન મોડમાં યોજાયો હતો. જેમાં ૭૫૦૦૦ ખેડૂતોની સાફલ્ય ગાથાઓના સંકલનનું પુસ્તક સ્વરૂપે વિમોચન કરવામાં આવ્યું.

દાહોદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના અન્ય વૈજ્ઞાનિક ડો. આર. રાધા રાની, ડો. એન. કે. રાઠોડ, જી. કે. ભાભોર તેમજ એન. ડી. મકવાણા દ્વારા કૃષિ અને સલગ્ન વિષયો પર ખેડૂતોની આવક બમણી કરવામાં સફળ થયેલા દાહોદ જીલ્લાના ખેડૂતોને તથા અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બની સહિયારા પ્રયાસથી કૃષિ ક્રાંતિમાં આગવી હરોળના સૈનિકો બનવા બદલ શુભકામનાઓ પાઠવવામાં આવી. કાર્યક્રમના અંતે કૃષિને લગતા વિવિધ સાહિત્યનુ ખેડૂતોને વિતરણ કરાયું હતું.


દાહોદ શહેરમાં વરસાદ પડતા શહેરમાં ઠંડો માહોલ જોવા મળ્યો હતો. બે બાળકો જાણે ઠંડા માહોલમાં જાણે ઠંડા મુસોની મજા માણવા નીકળ્યા હોય તેવું તસવીરમાં થાય છે. આ દ્રશ્ય જોઈ ને પહેલાના જમાનાનો લોકો આવો રે વરસાદ, ઘેવરીયો વરસાદ ઉની ઉની રોટલીને કારેલાનું શાક લોકો નાનપણમાં નાખી કૂદી અને વરસાદમાં આવા ગીતો ગાતા હતા.

# દાહોદ થી આહવા જવા નીકળેલા બસ ચાલકે રસ્તામાં પડેલા વૃક્ષને કુહાડીથી કાપીને હટાવ્યું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

રાજયના દુર્ગમ વિસ્તારમાં જ્યાં આવા–ગમન માટેના સાધનો અને વાહનોની સીમિત સગવડ છે. ત્યાં રાજ્ય સરકારના માર્ગ અને વાહન વ્યવહાર વિભાગની સેવા જ જનતા માટે આશીર્વાદરૂપ સાબિત થઇ રહી છે.

તાજેતરમાં છેલ્લા એકાદ સપ્તાહ થી રાજ્યમાં વરસી રહેલા મુશળધાર વરસાદને કારણે ઉદ્ભવેલી વિકટ સ્થિતિમાં પણ એસ.ટી. બસ પરિવાર તેની મુસાફર જનતા માટે અવિરત સેવાની પ્રતિબદ્ધતા સાથે, જરૂર પડ્યે સ્વયં રોડ ઉપર ઉતરીને રસ્તો વાહન વ્યવહાર માટે ખુલ્લો કરવાની કામગીરી પણ અદા કરી રહ્યું છે.

ગત બે દિવસ અગાઉ આહવા એસ.ટી.બસના એક દિલાવર ડ્રાયવરની દિલેરી સામે આવવા પામી છે. જે અન્યો માટે પ્રેરણારૂપ હોય અત્રે પ્રસ્તુત છે.

બે દિવસ અગાઉ મુશળધાર વરસતા વરસાદમાં દાહોદ–આહવા બસ લઈને આહવા તરફ આવતા બસ ચાલક મોન્ટીભાઈ નિનામા (બેચ નંબર :૧૪૯) એ વાંસદા–વઘઈ આંતરરાજ્ય ધોરીમાર્ગ ઉપર પડેલા તોતિંગ વૃક્ષને કારણે ચક્કાજામની સ્થિતિ સર્જાયેલી જોઈ. વાહનોની લાંબી કતાર, અટવાયેલા અને ડઘાયેલા લોકોને જોઈને, આ બસ ચાલકે આ પરિસ્થિતિમા ‘આત્મનિર્ભર’ બનવાનો અવસર સમજી, આસપાસના ઘરોમાંથી કુહાડી સહિતના સાધનો એકઠા કરી, વરસતા વરસાદમાં સ્વયં વૃક્ષની ડાળીઓ કાપી, માર્ગ ખુલ્લો કરવાની દિલેરી દાખવી હતી.

જોત જોતામાં કલાકોથી બંધ રહેવા પામેલો માર્ગ બસ ચાલકના હકારાત્મક અભિગમ અને પ્રયાસને કારણે ખુલ્લો થતા પ્રજાજનો સહીત અટવાયેલા વાહન ચાલકોએ તેમનો આભાર વ્યકત કરી રાહતનો શ્વાસ લીધો હતો. આમ, એક અદના કર્મચારીના હકારાત્મક અભિગમથી સેંકડો વાહન ચાલકોને તાત્કાલિક મદદ મળવા પામી હતી.

એક મુલાકાતમાં મોન્ટુભાઈ નિનામાએ તેમના ડેપો મેનેજર સહીત ઉચ્ચ અધિકારીઓએના સતત માર્ગદર્શન અને સૂચનાઓ મુજબ બસના મુસાફરોની સુરક્ષા અને સલામતીને પોતાનું પ્રાથમિક કર્તવ્ય ગણી, ત્વરિત નિર્ણય લઈને એસ.ટી.ડેપો, વાહન વ્યવહાર વિભાગ અને સરકારની સેવાની પ્રતિબદ્ધતાને દોહરાવી છે.

# રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદ દ્વારા કલબના સભ્યો માટે જાગૃકતા માટે પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો



દાહોદ,

દાહોદ શહેરના ગરબાડા પર આવેલ બાલાજી હોટલ ખાતે રોટરી કલબ ઓફ ડાયમંડ, દાહોદનાં ઉપક્રમે આસિસ્ટન્ટ ગવર્નર શાંતિલાલ પટેલના માર્ગદર્શન હેઠળ રોટરી કલબનો અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. રોટરીના પ્રમુખ દીપેન્દ્રસિંહ સિસોદિયાએ અતિથિઓનું શાબ્દિક સ્વાગત કરી મહેમાનોને આવકાર્યા હતા.

રોટરી કલબ ઓફ, દાહોદ, રોટરી કલબ ઓફ ગોધરા અને રોટરી કલબ ઓફ અલીરાજપુરના સભ્યો માટે ‘‘માય રોટરી’’ અંતર્ગત રોટરી કલબની વિસ્તૃત જાણકારી કોમ્યુનિટી સર્વિસ, ચેર પર્શન સરજીવ પટેલ દ્વારા આપવામાં આવી હતી. કાર્યક્રમના અન્ય અતિથિઓ ડિસ્ટ્રીક ગવર્નર રમેશભાઈ જગતાપ, ઉદય વેદાંતી, અરવિંદ સિસોદિયા, છોટુભાઈ બામણિયા, હસમુખભાઈ અગ્રવાલ, વીણાબેન પલાસ, બાદલ ગોધરા, દાહોદ, અલીરાજપુર કલબના પ્રમુખ, મંત્રીઓ તથા સભ્યો ઉપસ્થિત રહી લાભ મેળવ્યો હતો.

કાર્યક્રમનું સંચાલન રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદના મંત્રી હીરાલાલ સોલંકીએ કર્યું હતું.

# દાહોદ દોલતગંજ બજારમાં રહેતા આધેડે આર્થિક સંક્રમણને લઈ નદીમાં પડતુ મુકી આપઘાત કર્યો

દાહોદ,

દાહોદના દોલતગંજ બજારમાં રહેતા આધેડ પાછલા કેટલાંક સમયથી આર્થિક સંકડામણ વેઠી રહ્યા હતા. આ બાબતથી પરેહાન થઈને તેમણે શહેર નજીક આવેલી ખાન નદીમાં મોતની છલાંગ મારીને આયખાનો અંત આણી લીધો હતો. ઘરે કોઈને કંઈપણ કહ્યા વગર નીકળેલા આધેડનો બીજા દિવસે નદીમાંથી મૃતદેહ મળતા પરિવાર સાથે વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. આ બનાવ અંગે દાહોદ બી–ડીવીઝન પોલીસે અકસ્માતે મોત અન્વયે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે.

દાહોદ શહેરના દોલતગંજ બજારમાં સોનીવાડની ગલીમાં રહેતા ૫૬ વર્ષિય સંજયભાઈ મોહનલાલ શાહ ચાહની દુકાન ચલાવતા હતા. તેમની ચાહની કીટલી બરોબર ચાલતી ન હતી. ધંધામાં ઓછી આવક થતી હતી અને ઘરમાં ખર્ચાનુ પ્રમાણ વધતુ હોવાની તેઓ માનસિક તણાવમાં રહેતા હતા સંજયભાઈ તણાવમાં રહેતા હોવાથી સપ્તાહ પહેલા જ ઝાયડસ હોસ્પિટલમાંથી તેમની દવા પણ લાવવામાં આવી હતી. ૧૫મી તારીખની પરોઢના ૬ વાગ્યાના અરસામાં સંજયભાઈ પોતાની જીજે–૨૦–૮૨૧૩ નંબરની એક્ટિવા લઈને ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વગર નીકળી ગયા હતા. મોડે સુધી તેઓ ઘરે નહિ આવતા પરિવાર દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી હતી. પત્નિ મંગલાબેને સંજયભાઈ ગુમ થયાની જાણ પણ કરી હતી ત્યારે તપાસ દરમિયાન તેમની એક્ટિવા સંગમ નીના પુલ ઉપરથી મળી આવી હતી. જેથી તેમણે આપઘાત કરી લીધો હોવાની આશંકાના પગલે ફાયરબ્રિગેડની ટીમના તરવૈયાઓએ આસપાસ આવેલા કુવા અને નદીના પાણીમાં પણ તપાસ કરી હતી પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો. ત્યારે શનિવારે બપોરે શોધખોળ દરમિયાન સંજયભાઈનો મૃતદેહ ખાન નદીમાંથી મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. આ ઘટનાની જાણ થતાં નદી ઉપર મોટુ ટોળુ ભેગુ થઈ ગયુ હતુ. બનાવ અંગે બી–ડીવીઝન પોલીસે અકસ્માત મોત અન્વયે ગુનો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગરબાડા તાલુકાના ચંદલા ગામે ગામતળના મુખ્ય રસ્તો નહીં બનાવાતા વિદ્યાર્થીઓ સહિત ગ્રામજનોને ભારે હલાકી ભોગવવાનો વારો


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકાના ચંદલા ગામ ખાતે ગામતળ માંથી પસાર થતો મુખ્ય રસ્તો વર્ષોથી નહીં બનવાના કારણે આ રસ્તામાં પાણી ભરાતા ગામ લોકો સહિત વિદ્યાર્થીઓને કાદવ–કિચડમાં થઈને પસાર થવા માટે મજબૂર બન્યા છે. નાના–નાના ભૂલકાઓ ઘણીવાર શાળાએ જતા અહીંયા લપસી પડવાના બનાવો પણ બનતા રહે છે.

ચંદલા ગામનો આ મુખ્ય રસ્તો ગામ તળમાં થઈને ગાંગરડીને જોડતો રસ્તો છે. જે રસ્તા પાસે એક પ્રાયમરી શાળા પણ આવેલી છે. જે ગામ તળના મુખ્ય રસ્તા ઉપર શાળામાં અભ્યાસ કરતા બાળકો સહિત ૭૦૦ થી ૮૦૦ ગામ લોકો રોજ અવરજવર કરતા હોય છે. સ્કૂલે જતા બાળકો પણ આ કાદવ–કિચડની વચ્ચે પસાર થાય છે. જ્યાં હાલમાં પાણી ભરાતા લોકોને કાદવ–કીચડમાં ચાલવાનો વારો આવ્યો છે. ગામ લોકો દ્વારા આ બાબતે સ્થાનિક તંત્રને રજૂઆત કરવામાં આવી છે, પણ અત્યાર સુધી આ સમસ્યાનું નિરાકરણ આવ્યું નથી.

આ મુખ્ય રસ્તો ગામતળ થી લઈને ગામને જોડ તો મુખ્ય રસ્તો છે અને આ રસ્તો સાવ ભંગાર હાલતમાં છે. ખાડા પડી રહ્યા છે અને ચોમાસુ આવે એટલે બહુ તકલીફ પડે છે.
**ગ્રામજન, અનિલભાઈ હઠીલા**

આ બાબતની સરપંચ પાસે માહિતી માંગતા જણાવવામાં આવ્યું હતું કે, વરસાદી પાણીનો નિકાલ થતો નથી અને જે લોકોએ દબાણ કર્યું છે. તેમને નોટીસ આપવામાં આવશે.
**સરપંચ ભુરાભાઈ હઠીલા ચંદલા...**

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.276

પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


# પંચમહાલ જીલ્લાવાસીઓ કુદરતના ખોળે ઉમટ્યા

## પાવાગઢમાં ઝરમર વરસાદ વરસ્યો આહલાદ્ક વાતાવરણ સાથે પર્યટકોનો ઘસારો





પાવાગઢ,

પંચમહાલ જિલ્લામાં વરસાદ હોવાને કારણે પાવાગઢ ખાતે અદ્દભુત નજારો સામે આવ્યો છે. પાવાગઢમાં ઝરમર વરસાદની સાથે વાદળો ઘેરાતા નજર આવ્યા છે. પાવાગઢની આજુબાજુ એ ફરતા વાદળો ડુંગરોને ઢાંકી દે છે. ડુંગરની ખીણ માંથી વાદળો બહાર આવતા હોય તેવા નયન દ્રશ્યો પણ સામે આવે છે. જાણે હમણાં જ વાદળોને પકડી લઈએ તેવા વાદળોની નજીક સાથે આપણે વાંચતી જ કરતા હોય તેવા પણ દ્રશ્યો સામે આવતા હોય છે. પાવાગઢની ચારે તરફ ખૂબ સૂરત નજારો દૂરથી પણ જોઈ શકાય છે. આજુબાજુ લીલોતરીને અને તેમાંથી નાના વહેતા ઝરણાં પાવાગઢને અતિસુંદર બનાવી દે છે. પાવાગઢનો એક ખૂબ સુરત સુંદર નજારો કેમેરામાં કેદ થાય છે. દર્શનાર્થીઓ અને પર્યટકો પણ પાવાગઢ ખાતે મોજ માણતા હોય છે. પાવાગઢમાં ચોમાસાની સિઝનમાં એક તરફ લીલુંછમ થઈ જાય છે. બીજી તરફ વાદળોથી ઘેરાઈને અહલાદક વાતાવરણ પણ દેખાય છે અને તેને માણી પણ શકાય છે. ઠંડક ભર્યા વાતાવરણને કારણે ભેજ ભર્યું વાતાવરણ મનમોહક દ્રશ્યો કુદરતી નજારો સોળે ખીલી ઉઠે છે. જેને લઈને ચોમાસાની સિઝનમાં પર્યટકોનો ઘસારો વધારે દેખો મળે છે.

## ઘોઘંબાના પોયલી ગામે હાથણી ધોધ વહેતો થતાં સહેલાણીઓ ઉમટયા





તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા


ઘોઘંબા,

પંચમહાલ જિલ્લામાં આવેલા ઘોઘંબા તાલુકાના પોયલી ગામે હાથણી ધોધ વરસાદના કારણે વહેતો થતાં મોટી સંખ્યામાં સહેલાણીઓ ધોધનો આનંદ માણવા માટે ઉમટી પડ્યા. છેલ્લા ચાર-પાંચ દિવસથી અવિરત અને ધોધમાર વરસાદ સમગ્ર ગુજરાતમાં વરસી રહ્યો છે. ત્યારે પંચમહાલ જિલ્લાના ગામડાઓમાં નાના ઝરણાઓ વહેતા થયા છે. નાના મોટા ચેકડેમો છલકાઈ જવા પામ્યા છે અને પ્રકૃતિ પણ લીલોછમ સાડલો ધારણ કરીને મહાલી રહી હોય તેવો ભાસ થાય છે.

આવી જ રીતે ઘોઘંબા તાલુકા મથકથી થોડાક જ કિલોમીટર દૂર જાંબુઘોડા અભયારણ્ય અને ઘોઘંબા તાલુકાના પોયલી ગામે પ્રખ્યાત હાથણી માતાનો ધોધ આવેલો છે. હાથણી માતાના ધોધમાં નાહવા માટે ખૂબ દૂર દૂરથી સહેલાણીઓ ઉમટી પડે છે. હાથણી માતાનો ધોધ એ કુદરતી રીતે નિર્માણ પામેલો ધોધ છે. જ્યાં હાથણી માતાનું સ્થાનક પણ આવેલું છે. આ ધોધ અવિરતપણે ચાલુ થતા ચારે બાજુ ડુંગરોની ઘટમાળ વચ્ચે કુદરતી સૌંદર્યના વાતાવરણમાં મોટા પ્રમાણમાં વહેતા જળ સ્ત્રાવના પ્રવાહમાં લોકોને અનેરો આનંદ આવે છે. ખૂબ ઊંચી જગ્યાએથી પડતા આ ધોધને લીધે સહેલાણીઓને નાહવા માટે પણ ખુબ મજા આવતી હોય છે. હાથણી માતાના ધોધનો નજારો કંઈક અલગ જ હોય છે.

પંચમહાલ જિલ્લામાં ઘોઘંબા તાલુકો અને જાંબુઘોડા તાલુકાની પ્રકૃતિ એ ખરેખર કુદરતે મનમૂકીને સર્જન કર્યું હોય તેમાં સહેજ પણ નવાઈ નથી. સુંદર મજાના જંગલો અને ડુંગરો વચ્ચે આ વહેતો પાણીનો પ્રવાહ એટલે હાથણી ધોધ જોવાની ખૂબ જ મજા આવે છે.

## વેજલપુર પોસ્ટ ઓફિસ એજન્સી દ્વારા ફોર્ડના કેસનો ચુકાદો આવ્યો



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

વેજલપુર પોસ્ટ ઓફિસના કૌભાંડનો પહેલો ચુકાદો ડિપોઝિટર કરનારની તરફેણમાં આવ્યો હતો. ગોધરાના કુસુમ વિવેકનગર સોસાયટીમાં રહેતા જીગ્નેશ કુમાર સુથાર અને તેમની પત્ની પ્રીતિબેને વેજલપુર પોસ્ટ ઓફિસમાં એજન્ટ ભાવેશ સુથાર પાસે એમઆઈએસની રકમનું રોકાણ કર્યું હતું. તેની પાકતી મુદત પહેલાં વેજલપુર પોસ્ટ ઓફિસના અધિકારી અને એજન્ટ ભાવેશ સુથારની મદદથી ડિપોઝિટરની જાણ કર્યા વગર તેમના નાણા સેવિંગ્સ એકાઉન્ટમાં કોઈપણ પ્રકારના શેરા વગર ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા હતા. ડિપોઝિટરે પોસ્ટ ડિપાર્ટમેન્ટમાં નાણા પરત લેવા માટે અરજી કરી હતી, પરંતુ અરજીનો હકારાત્મક જવાબ ન આપતાં આખરે ડિપોઝિટરે પંચમહાલ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કોરમના કમિશનમાં કરિયાદ કરી હતી.

જેમાં પંચમહાલ જિલ્લા ગ્રાહક સુરક્ષા કોર્ટે અરજદાર જીગ્નેશ કુમાર સુથારના વકીલ જે.એન.પટેલની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખીને જિલ્લા કમિશનના પ્રમુખ જે.પી.ગઢવી તથા મેમ્બર એમ.આર.મહેતા અને ડી.એસ.રાવલે ગઈકાલે બુધવારે અરજદાર જીગ્નેશ કુમારના રોકેલા ચાર લાખ પાંચ હજાર ૭.૭%ના વ્યાજના સાથે ચૂકવી દેવાનો હુકમ કર્યો હતો.

ડિપોઝિટરે સતત બે વર્ષ સુધી ન્યાય માટે લડાઈ ચલાવી કોર્ટે વધુમાં અરજદારને જે માનસિક ત્રાસ સહન કરવો પડ્યો છે. તેના પેટે રૂપિયા ૨ હજાર વધારે ચૂકવવાનો હુકમ કર્યો હતો. ત્યારે અરજદાર જીગ્નેશકુમારે જણાવ્યું હતું કે, ડિસેમ્બર ૨૦૧૬માં વેજલપુરના એજન્ટ પાસે અમારા એમ.આઈ.એસ. એકાઉન્ટમાં ચાર લાખ પાંચ હજાર રૂપિયા મે અને મારી પત્નીના નામે જોઈન્ટ બી ખાતામાં મૂક્યા હતા. એમાંથી અમને અમુક સમય સુધી વ્યાજ મળતું હતું. ત્યારપછી અમારી જાણ બહાર પોસ્ટ ઓફિસ એજન્ટ અને અધિકારી કર્મચારીઓની મીલી ભગતથી અમારૂં ખાતું બંધ કરી નાણાં ઉપાડી લેવામાં આવ્યા હતા. જેને અમને બિલકુલ ખબર ન હતી. જ્યારે અમને ખબર પડી કે પોસ્ટ ઓફિસ એજન્ટ ભાવેશ સુથાર અહીંયાંથી ફરાર થઈ ગયો છે અને એકાઉન્ટ બંધ કરી નાણાં ઉપાડી લીધા છે. ત્યારે અમે ગ્રાહક તકરાર નિવારણ ફોરમનો સંપર્ક કર્યો હતો. જેના વકીલ જે.એન.પટેલને અમારી તમામ માહિતી આપી હતી અને બે વર્ષ સુધી ન્યાય માટે લડત ચલાવી હતી અને ગઈકાલના રોજ કોર્ટે ચુકાદો આપ્યો હતો.

## ઘોઘંબાના લાલપુરી ગામે રેતી ભરેલ ટ્રેક્ટર ખેતર માંથી ન કાઢવા દેતાં ખેતર માલિક સાથે મારામારી કરતાં ખનિજ માફિયાઓનો વિડીયો વાયરલ



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાની લાલપુરી ગામે કરાડો નદી માંથી ગેરકાયદેસર રેતી ખનન કરતાં ટ્રેક્ટર ચાલક ઈસમ ખેતર માંથી ટ્રેક્ટર ન લઈ જવા દેતાં ખેતર માલિક સાથે મારામારી કરતો વિડીયો વાયરલ થતાં ઘોઘંબા સહિતના વિસ્તારોમાં ખનિજ માફિયાઓની દાદાગીરી અવાર-નવાર સામે આવતી હોવા છતા તંત્ર માત્ર નામ પુરતી કાર્યવાહી કરી સંતોષ માને છે.

ઘોઘંબા તાલુકાના લાલપુરી ગામ કરાડ નદી માંથી ગેરકાયદેસર રેતી ખનન કરીને ટ્રેક્ટર ચાલક ઈસમ ખેતર માંથી કાઢતો હોય જેને ખેતર માલિકે રોકતા ખનિજ ચોર ઈસમ દ્વારા ખેતર માલિક સાથે માથાકુટ કરી હતી અને ટ્રેક્ટર ચાલક ઈસમ પોતાની જ્ઞાતિના લોકોને ભેગા કરીને ખેતર માલિક સાથે મારામારી કરી હતી. આ બાબતે ખેતર માલિક અને ગ્રામજનો દ્વારા ખાણ ખનિજ વિભાગને જાણ કરતાં ખાણ ખનિજ વિભાગની ગાડી દેખીને ટ્રેક્ટર લઈને ભાગતો વિડીયો પણ વાયરલ થયો છે. જીલ્લાના કાલોલ, હાલોલ, ઘોઘંબા પંથકમાં રેતી ખનન માફિયાઓ માથાભારે બન્યા છે. અવાર-નવાર દાદાગીરી અને મારઝુડ કરતા હોવાનું સામે આવતું હોય છે પરંતુ તંત્ર આવા ખનિજ માફિયાઓ ઉપર લગામ કસતી ન હોવાથી બેફામ બન્યા છે. ઘોઘંબાના લાલપુરી ગામની ઘટના અંગે રાજગઢ પોલીસે લેખિત અરજી આપીને કાર્યવાહી થાય તેવી માંગ કરી છે.

## કાલોલના ડેરોલ સ્ટેશન રેલ્વે ટ્રેક નજીક રહેતા રહિશ માટે રેલ્વે ટ્રેકની સંરક્ષણ દિવાલ ફાટક સમાન બની



કાલોલ,

કાલોલ તાલુકાના ડેરોલ રેલ્વે સ્ટેશન દ્વારા બનાવવામાં આવતી સંરક્ષણ દીવાલ ત્યાં નજીકમાં આવેલ નવીનગરીમાં રહેતા ૬૦ જેટલા પરિવારોના ઘર આંગણે તદ્દન અડીને બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવતા અડધી સદી થી અહીં રહેતા આ પરિવારોના આંગણા છીનવાઈ જવાની ભીતિ તેઓને સતાવી રહી છે.

કાલોલ તાલુકાના ડેરોલ રેલ્વે સ્ટેશન પાસે રેલ્વે ટ્રેકને અડીને આવેલી નવી નગરીમાં પચાસેક વર્ષ થી રહેતા ૬૦ જેટલા પરિવારોના માથે સંકટ આવ્યું છે. રેલ્વે વિભાગ દ્વારા બનાવવામાં આવતી સંરક્ષણ દીવાલ અત્રે આવેલા મકાનો ને તદ્દન અડીને બનાવવામાં આવનાર હોઈ અહીં રહેતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ઘરની બહાર નીકળતા જ સીધી સંરક્ષણ દીવાલ આવી જાય તો મકાનમાં આવવા જવા માટે ની જગ્યા બંધ થઈ જાય તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. લગ્ન, મરણ કે જોઈ સામાજિક પ્રસંગો કેવી રીતે કરવા તેને લઈને સૌ રહેવાસીઓ ચિંતિત બન્યા છે.

રેલ્વે વિભાગ દ્વારા હાલ માપણી કરી ખોદકામ શરૂ કર્યું છે. કેટલાક મકાનોની આગળ ૧૦ ફૂટ જગ્યા રહે છે. તો કેટલાક મકાનોની આગળ માત્ર એક જ ફૂટ ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયતમાં આવતાં ૩૫૦ જેટલી વસ્તી અને ૧૫૦ જેટલા મતદારો ધરાવતી નવી નગરીના રહીશો રેલ્વે વિભાગની કામગીરી થી નાખુશ છે. વર્ષો થી રહેતા લોકો તેઓને મકાન આગળ વાહનની અવર જવર થઈ શકે એટલી જગ્યા આપવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

## શહેરા પોલીસ મથકના છેતરપીંડીના ગુનામાં આરોપીને આગોતરા જામીન મળતા ચર્ચાનો મુદ્દો બન્યો

શહેરા,

શહેરા પોલીસ મથકે નોંધાયેલ વિશ્વાસઘાત અને છેતરપીંડીના ગુન્હામાં લાભી ગામના જયેશ પગીના આગોતરા જામીન અરજી સેસન્સ કોર્ટ દ્વારા મંજુર કરાઈ હતી. જયેશ પગીને આગોતરા જામીન મળતા રાજકીય ક્ષેત્રે પણ ભારે ચર્ચાનો મુદ્દો બની જવા પામ્યો હતો.

શહેરા નગરના વ્યાસવાડા વિસ્તારમાં રહેતા અને અનાજની લે વેચના વ્યવસાય સાથે સંકળાયેલા શહેરા નગર ભાજપ યુવા મોરચા પ્રમુખ મયુર ગોપાલભાઈ શાહ દ્વારા ચેક રિટર્ન પ્રકરણમાં તાલુકાના લાભી ગામના જયેશ બળવંતભાઈ પગી વિરૂદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાવવામાં આવી હતી. જયેશ પગી દ્વારા પંચમહાલ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરાઈ હતી. ત્યારે તેઓના વકીલ અનુપસિંહ સોલંકી દ્વારા એડીશનલ ડિસ્ટ્રીકટ સેશન્સ જજ એચ.કે.મહેતા સમક્ષ કરવામાં આવેલી ધારદાર દલીલોને લઈને વિશ્વાસઘાત અને છેતરપીંડીના ગુન્હામાં જયેશ પગીની આગોતરા જામીન અરજી શરતો આધીન મંજુર કરવામાં આવી હતી.

## પંચમહાલ જિલ્લા સંકલન સમિતિ ભાગ-૧ અને ૨ની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાઈ



ગોધરા,

પંચમહાલ જિલ્લા સંકલન સમિતિની ભાગ ૧ અને ૨ ની બેઠક જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન, કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાઇ હતી. આ બેઠકમાં કલેક્ટરએ જનસુખાકારીના વિકાસના કામોને અગ્રતા આપી નિયત અવધિમાં પૂર્ણ કરી લોકોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ કરવી એ આપણું કર્તવ્ય છે. જેથી જનહિતને લગતા વીજળી, રસ્તા, પીવાના પાણી, સિંચાઈ, આરોગ્ય તેમજ શિક્ષણ વગેરે પ્રશ્નોને સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહી પોતાના વિભાગ દ્વારા અપાયેલા લક્ષ્યાંક અને સિદ્ધિઓ અંગે કરેલ કાર્યને રજુ કર્યું હતું.

આ સાથે પ્રેઝન્ટેશનમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગેની આંકડાકીય વિગતો રજુ કરવામાં આવી હતી આ પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ તેઓએ બાકી કામોના લક્ષ્યાંકો ઝડપી અને સમયસર પૂર્ણ કરી પત્રકો નિયમિત મોકલી તેની ડેટા એન્ટ્રી કરાવી લેવા જણાવ્યું હતું. વધુમાં અરજદારની પડતર અરજીઓ, નાગરીક અધિકારપત્રની અરજીના નિકાલ, કચેરીની તપાસણી, બાકી સરકારી લેણાંની વસૂલાતની ઝુંબેશ, સરકારી કર્મચારીના બાકી પેન્શન કેશ વગેરે બાબતો અંગેની સમીક્ષા કરી સંબધિતોને જરૂરી સુચનો કર્યા હતા.

જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર દ્વારા રજૂ થયેલાં આરટીઆઈ અંતર્ગત એડમિશન, વિજળીને લગતા પ્રશ્નો, એપીએમસીના હિત અંગે નિર્ણયો, નલ સે જલ યોજનાના લાભ બાબતે, પેન્શનને લગતા પ્રશ્નો, બેંકને લગતા પ્રશ્નો, વરસાદી પાણી નિકાલ, કંપનીમાં નોકરી કરતા કામદારો, જમીન માપણી અને શિક્ષણ વિભાગના પ્રશ્નોની સમીક્ષા કરતાં કલેક્ટર દ્વારા જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરી, સમય મર્યાદામાં તે પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરી હતી.

આ બેઠકમાં જિલ્લા પ્રમુખ કુ.કામિનીબેન સોલંકી, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, જિલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકી, અધિક નિવાસી કલેક્ટર એમ.ડી.ચુડાસમા તથા જિલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રણજીતનગર કંકોડાકોઈમાં દિપડો દેખાતા નાસભાગ મચી : વનવિભાગ તથા TDO ઘટના સ્થળે પહોંચ્યા



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના રણજીતનગર અને કંકોડાકોઈ વચ્ચે ગૌરાંગ પટેલના ખેતરમાં આવેલા મકાનની પાછળના ભાગે ઘાંસમાં દિપડો છુપાતા સ્થાનિકરહીશોએ નજરે જોતા નાસભાગ મચી જવા પામી હતી. જેની જાણ ઘોઘંબા ફોરેસ્ટ વિભાગને કરવામાં આવી હતી. દિપડો આવેલ હોવાની માહિતી મળતા મહિલા RFO કટારા તેમની ટીમ સાથે બનાવના સ્થળ ઉપર પહોંચી ઘર પાછળ આવેલી મોટી મોટી જંગલી ઘાસમાં JCB થી સાફ કરતા દીપડો ત્યાંથી નજીકના કોતર તરફ ભાગ્યો હતો. સુફર્તિથી ભાગેલો દિપડો કેમેરામાં કેદ થયો હતો. આ બનાવના પગલે તાલુકા વિકાસ અધિકારી કે.એ.પટેલ, ગુણવંતસિંહ ગોહિલ તથા ભીખાભાઈ સોલંકી બનાવના સ્થળે આવી પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, દિપડો પાછળ થી નીકળી લોકોએ તેને વાઘ સમજી વાઘ હોવાની અફવા ઉડાડી હતી. જોકે, વાયરલ થયેલા વિડિઓમાં રફ્તાર અને દોડવાની રીત તેમજ તેના પગના નિશાન ઉપરથી દિપડો હોવાની ખાત્રી કરી હતી. ઘોઘંબાના જંગલો માં દિપડા ઓ વસવાટ કરે છે, તેમજ જંગલને અડીને આવેલા ગામોમાં દીપડા શિકારની શોધમાં તેમજ પાણી પીવા માટે અવાર નવાર નીકળવાના બનાવો છાસવારે બનતા હોય છે.

## ગોધરાના ગોઠડા ગામે સરસ્વતી કવોરી માંથી શંકાસ્પદ જવલનશીલ પ્રવાહીના ૬૬૦૦ લીટર જથ્થો ઝડપ્યો



ગોધરા,

ગોધરા તાલુકાના ગોઠડા ગામે આવેલ સરસ્વતી બિલ્ડકોન કવોરીમાં એસ.ઓ.જી.પોલીસે તપાસ કરી ટેન્કર માંથી ૬૬૦૦ લીટર શંકાસ્પદ જવલનશીલ પ્રવાહી ઝડપી પાડી આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી.

વિસ્તૃત માહિતી મુજબ ગોધરા તાલુકાના ગોઠડા ગામે આવેલ સરસ્વતી બિલ્ડકોન કવોરીમાં શંકાસ્પદ જવલનશીલ પ્રવાહી મોટા વાહનો અને ઉદ્યોગમાં વપરાતું હોય તેવી બાતમી એસ.ઓ.જી. પોલીસ તથા મામલતદાર ગોધરા ગ્રામ્યને સાથે રાખી રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ટેન્કર નંબર જીજે.૦૯.વી.૦૭૨૨ માંથી ૬૬૦૦ લીટર શંકાસ્પદ જવલનશીલ પ્રવાહી કિંમત ૪,૬૮,૬૦૦/-રૂપીયા તથા ટેન્કર મળી રૂપીયા ૯,૬૮,૬૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. તેમજ આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## કાલોલના સમા ગામે જુગાર રમતા પાંચ ઈસમોને પોલીસે ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના સમા ગામે નવી નગર પાસે જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી પાંચ ઈસમોને ૪૭૫૦/-રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના સમા ગામે નવી નગરી પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન અનિલ ઉર્ફે ગોપાલ સોલંકી, મંગાભાઈ નાયક, રાજેશ ઉર્ફે બોડો સોલંકી, રોહિત ઉર્ફે વીકો સોલંકી, ભરત ઉર્ફે ખોડો સોલંકીને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ કુલ ૪૭૫૦/- રૂપીયા જપ્ત કરી આ બાબતે કાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવામાં આવી.